કવિ શ્રી હસ્તિરૂચિ પ્રણીત

वैद्य वल्लभ. ૭૨૯૩

રોગી નિરોગી અને યોગી જનોના ઉપયોગાર્થે

મૂળસહિત ગુજરાતી ભાષાન્તર.

लखनार राजकवि हर्षदराय सुंदरलाल मुनसी.

छापी प्रकट करनार

प्रथमावृत्ति प्रत १०००

संवत १९५५—सन १८९९

કિંમત ૬ આના

अनुक्रमणिका.

વિલાસ ૪ થો.

ઇતિ શ્રી અનુક્રમણીકા સમાપ્ત.

पुस्तको मळवानु ठेकाणु.

હરગોવનદાસ હરજીવનદાસ પુસ્તકવાળા

મુ. ત્રણદરવાજા અમદાવાદ.

सूचना.

આ ગ્રંથમાં પ્રત્યેક યોગમાં, તે શીરીતે તૈયાર કરવો તથા કયારેઅને કેટલા પ્રમાણમાં ઔાષધ ખાવું તે બ ડુધા કહેલું છે; તથાપિ કોઇ જગોએ પુનરાવૃત્તિના ભયથી કે બીજા કોઇ કારણથી તેવી સ્પષ્ટતા ન કરી હોય, તેથી તે સંબધી કેટલાક હકીકત આ નીચે લખી છે, જે આ ગ્રંથ વાંચનારને ઉપયોગી થશે એમ અમારી ધારણા છે.

પ્રથમ ઐાષધ ખાવાનું માપ બતાવવાને પરિમાણ કહિયેછિયે.

૧૨ સરસવ = ૧ જવ. ૨ જવ = ૧ ગુંજા.
૩ ગુંજા = ૧ વાલ. ૮ ગુંજા = ૧ માસો.

અથવા

૭ ગુંજા = ૧ માસો. ૪ માસા = ૧ શાણ (નિષ્ક-ટંક.)
૬ માસા = ૧ ગદ્યાણો. ૧૦ માસા = ૧ કર્ષ (તોલો.)
૪ કર્ષ = ૧ પલ (૪ તોલા—૧૦ શાણ.) ૪ પલ = ૧ કુડવ
૨ કુડવ = ૧ માનિકા (શરાવ–૧૩૨ તોલા ૨ માનિકા = ૧-પ્રસ્થ. ૪ પ્રસ્થ = ૧ આઢક. ૪ આઢક = દ્રાણ (કલશ –નલ્વણ–મણ.)

લીલા, સુકા અને પ્રવાહી પદાર્થો ઐાષધ માટે લેવા હોય તો કુડવ થતાં સુધી તો બધા સરખે માપેંજ લેવા પણ કુડવથી ઉપરાંત લેવા હોય તો સુકા કરતાં લીલા અને દ્રવરૂપ પદાર્થો બમણા લેવા, એવો શાસ્ત્રોકત વિધિ છે. ૪૦૦ તોલા અથવા ૧૦૦ પલના પરિમાણને તુલા કહે છે. એ તુલા

જેટલો જે પદાર્થ લેવાનો હોય તે તો લીલો હોય તો પણ બ-મણો લેવો નહિ. એવી શાસ્ત્રની મર્યાદા છે.

વાવડીંગ, પીપર, ગોલ, ધાન્ય, ઘી અને મધ વિના બીજાં બધાં ઔષધ નવાંજ લેવાં.

ગળો, ઇંદ્રજવ, અરડૂસી, કોળું, શતાવરી, આસગંધ, કાંટાસળિયો, લજામણુ એ આપધીઓ લીલીજ વાપરવી, પ-ણ બમણી લેવી નહિ. એ વિના બીજાં સુકાં ઔષધો વા-પરવાં, અને લીલાં હોય તો બમણાં લેવાં.

ઔષધ ખાવાનો સમય ન કહ્યો હોય ત્યારે સવારમાં ખાવું; ઔષધનું કયું અંગ લેવું તે કહ્યું ન હોય તો મૂળ લેવું (મોટું વૃક્ષ હોય તો મૂળની છાલ લેવી;) ભાગ ન કહ્યા હો-ય તો સમાન લેવું ને પાત્ર ન કહ્યું હોય તો માટીનું સમજવું; દ્રવ ન કહ્યો હોય તો પાણી લેવું, તેલ માત્ર કહ્યું હોય તો તલનું તેલ લેવું.

વિરેચન અને વમનનાં ઔષધો બહુધા પ્રાતઃકાળમાં લેવાં; અપાન વાયુ કોપ્યો હોય તો જમતાં પેહેલાં ઔષધ ખાવું; અરૂચિમાં તથા મંદાગ્નિમાં ભોજનની સાથે ખાવું; વ્યાન વાયુ કોપ્યો હોય તો ભોજનની અંતે ઔષધ લેવું; હેડકી, આક્ષેપક અને કંપવાયુમાં ભોજનની પેહેલાં અને પછી ઔષધ લેવું; ઉદાનવાયુ કોપીને સ્વરભંગાદિ થયા હોય તો સાંજના ભોજન વખતે કોળિયે કોળિયે ઔષધ આપવું પ્રાણવાયુ કોપ્યો હોય તો સાંજના ભોજન પછી ઔષધ આપવું; તરશ, ઉલટી, હેડકી, શ્વાસ અને વિષ રોગમાં અન્ન

સાથે ઓષધ આપવું; લેખન, બૃહુણ, પાચન અને સમનમાં રાત્રે એકલુંજ ઓષધ આપવું;

ઔષધને કચરીને કપડામાં નાખી રસ નીચોવી લેવો તેને સ્વરસ કહે છે. અથવા કુડવ માત્ર ઔષધનું ચૂર્ણ કરીને બમણા પાણીમાં નાખીને આઠ પોહોર રહેવા દઈ ગાળી લેવાથી પણ સ્વરસ થાય છે. અથવા સુકા ઔષધને આઠ ગણા પાણીમાં ઉકાળી ચતુર્થાંશ પાણી શેષ રાખી ગાલી લેવાથી પણ સ્વરસ થાય છે. સ્વરસ અર્ધો પળ એટલે બે તોલા સુધી જુવાન માણસને આપવો.

મધ, સાકર, ગોળ, ક્ષાર, જીરૂં, લવણ, ઘી, તેલ અને ચૂર્ણ વગેરે સ્વરસમાં નાખવું હોય તો આઠ માસા પ્રમાણે નાખવું.

ક્વાથ કરવો હોય તો ચાર તોલા કચરેલા ઔષધમાં સોળગણું પાણી નાખી માટીના વાસણમાં ઉકાળી અષ્ટમાંશ પાણી શેષ રાખવું. કવાથ આઠ તોલા પીવો. વાયુ પિત્ત અને કફના રોગમાં કવાથમાં સાકર નાખવી હોય તો અનુક્રમે ચોથે, આઠમે અને સોળમે ભાગે નાખવી, તથા મધ નાખવું હોય તો અનુક્રમે સોળમે, આઠમે અને ચોથે ભાગે નાખવું; જીરૂં, ગુગળ, ક્ષાર, લાવણ, શિલાજિત, હિંગ, શુંઠ, પીપર, મરી, એ ચાર માસા પ્રમાણે નાખવું; દુધ, ઘી, ગોળ, તેલ, મૂત્ર, બીજાં પ્રવાહી, કલ્ક અને ચૂર્ણ, એક તોલો નાખવાં.

લીલી ઔષધીને પથરઉપર વાટીને અથવા સુકવીને પાણી સાથે વાટીને ચટણી જેવી કરવી તેને કલ્ક કહેછે. કલ્ક

એક તોલો ખાવો. કલ્કમાં મધ, ઘી, અને તેલ નાખવું હોય તો બમણું નાખવું; સાકર અને ગોળ સરખાં નાખવાં; પ્રવાહી પદાર્થ ચોગણા નાખવા.

સુકા ઔષધને બારીક વાટીને વસ્ત્રગાળ કરવું, તેને ચૂર્ણ કહેછે. ચૂર્ણની માત્રા એક તોલા પ્રમાણે છે. ચૂર્ણમાં ગોળ સમાન નાખવો. સાકર બમણી નાખવી. હિંગ શેકેલી નાખવી. અવલેહ કરવો હોય તો તે ચૂર્ણમાં ઘી વગેરે બમણાં નાખવાં. પીવું હોય તો તે પ્રવાહી ચોગણાં નાખવાં પ્રવાહીનો પટ દેવો હોયતો ચૂર્ણ ડૂબે એટલો પ્રવાહી પદાર્થ લેવો.

વાત, પિત્ત અને કફના રોગમાં ચૂર્ણ, અવલેહ, ગુટિકા અને કલ્કનું અનુપાન અનુક્રમે ત્રણ, બે અને એક પળ (ચાર તોલા) પ્રમાણે લેવું.

ચૂર્ણમાં ગુગળ, ગોળ, મધ, કે પ્રવાહી પદાર્થ મેળવીને ગોળીઓ વાળવામાં આવે છે તેને ગુટિ કહેછે. ગોળીમાં સાકર ચોગણી નાખવી; ગોળ બમણો નાખવો; ગુગળ કે મધ સમાન નાખવાં; બીજા પ્રવાહી ચૂર્ણથી બમણાં નાખવાં. ગોળીનું માપ ખાસ કહેવામાં ન આવ્યું હોય ત્યાં સામાન્યત: એક તોલો જાણવું,

એ વિના વિશેષ હકીકત અમે ગ્રંથમાં તે તે ઠેકાણે બતાવી છે તે વાંચનારે ધ્યાનમાં લેવી યોગ્ય છે.

प्रस्तावनाआदे कवित.

સવૈયો.

જિનકે મન મંદિરમેં શિવનંદન,
આનંદ કંદ છબી મન ભાવે;
સત્ય ઊદાર વિવિછિનતા અસ,
માન મહિપ સુજાન કહાવે;
જિનકો યશ મુકતકિ માલ સમાન,
કવીજન વૃંદ સદા ગુન ગાવે;
તિનકે હુમ આશ્રયમેં કવિ હર્ષદ.
વૈદક તત્વ લીખી દરસાવે. ૧

છપો.

બન બન વિટપ તડાગ, ભુવન મંડપ બહુ સ્થળ સ્થળ;
સ્થળ સ્થળ અગનિત દ્રવ્ય, અશ્વ ગજ રથ અરૂ પયદલ.
સુભગ સુગુનિજન સંગ, ઇંદ્ર સમ વૈભવ અનકલ;
રતિમણ વનિતા વૃંદ તાન ટાંડવ નિત પ્રતિભલ.
નિત પ્રતિ વિનોદ રસ હાસ્યકો, અરૂ શૃંગાર લેખે સરસ;
હરસિદ્ધ ભનત આરોગ્ય બિનુ, વૃથા સકલ વૈભવ દરસ.

प्रस्तावना.

ઉપરના છપયનો અર્થ.

પ્રિયમિત્રો ! જુવો કે, જેની દેખરેખમાં વિસ્તીર્ણ ભૂમી છે તે ભૂમિ ઉપર દરેક અરણ્યમાં વિસ્તીર્ણ બાગ, તળાવ, કુવા, વાવ વગેરે અસંખ્ય બનાવરાવ્યા છે, દરેક જગોએ જથાબંધ વિસ્તીર્ણ વિશાળ ભૂવન બંધાવેલાં છે, અને તે ભુવનમાં અસંખ્ય દ્રવનો સમુદાય ગોઠવી રાખેલો છે; એટલુંજ નહીં પણ નિરંતર સજ્જન પુરૂષોનો સહવાસ થયાં કરે છે વૈભવ એટલે દરજ્જે પ્રાપ્ત થયેલો છે કે ઇંદ્રિભુવનની સાથે ટક્કર મારી શકે. ઘરની એકંદર કામદેવની સ્ત્રી રતી જેવી સ્ત્રીયોનું સુખ છે, રાત્ર દિવસ તાન તાલ ટાંડવ ગમતમાં વખત વ્યતિત થાય છે, આવા પ્રકારનું સુખ છે છતાં કવિ કહે છે કે જ્યારે શરીરમાં અનેક પ્રકારની વ્યાધિથી નિરમાલ્યતા હોય ત્યારે તે બધો વૈભવ વ્યથાસમ ગયો.

સબબ આર્ય મિત્રોએ શરિકસંપત્તિ પ્રાપ્ત કરવાને જોઇએ તેટલું જ્ઞાન મેળવવું જરૂરનું છે; એમ જાણી આ વૈદ્યવલ્લભ નામની ચોપડી શ્રેષ્ટ નામાંકિત હસ્તિરૂચિએ રચેલી, સજ્જન પુરૂષોની સેવામાં મુકવા લાયક જાણી તેની ટીકા યથાશકિતથી કહી છે, તે અવલોકન કરવાથી સમજાશે. આ ગ્રંથમાં હસ્તિરૂચિએ જે જે ચિકિત્સા લખી છે તે ઘણા ભાગે અનુભવિ અને ફળદાયક છે, એટલુંજ નહી પણ પ્રવાસમાં મુસાફરીમાં આ પુસ્તક મિત્ર તુલ્ય ગુણ આપનારૂં છે.

૭૨૯૩

ॐ.

श्रीशं वन्दे.

श्रीमद् हस्तिरुचिं विरचित

वैद्यवल्लभ.

મૂળ શ્લોક સહિત ગુર્જર ભાષાંતર પ્રારંભઃ

ગ્રન્થકારોકત મંગળાચરણ.

सरस्वतीं हृदि धृत्वा नत्वा श्रीगुरुपंकजम् ॥
सहस्तिरुचिना वैद्यवल्लभोयं विधीयते ॥ १ ॥

શ્રી સરસ્વતીને અંતઃકરણને વિષે ધારણ કરીને શ્રી ગુરૂના ચરણકમળને નમસ્કાર કરી હસ્તિરૂચિ કવિ વૈદ્યવલ્લભ (વૈદ્ય જનોને આનંદ આપનાર) નામનો ગ્રંથ આરંભ કરેછે. ॥ ૧ ॥

पूर्वं वैद्यवरोबुद्ध्या विधाय रोगनिर्णयम् ॥
पश्चात्साध्यगदं ज्ञात्वा ततो भैषज्यमारभेत् ॥ २ ॥

પ્રથમ તો વૈદ્ય પોતાની બુધ્ધિના અનુસાર શાસ્ત્રના અભિપ્રાયને જોઈને મનુષ્યના શરીરમાં કયા કયા રોગછે તે વિષેનો નિશ્ચય કરવો જોઈએ ત્યાર બાદ રોગી સાધ્ય હોય તો ઔષધ આપવું અને જો કે અસાધ્ય હોય તો ઔષધ આપવું નહીં. ॥ ૨ ॥

यतः सकलरोगेषु प्रायशो बलवाञ्ज्वरः ॥
तस्मात्तद्रोगविनाशार्थं प्रोच्यते हितमौषधम् ॥ ३ ॥

સર્વ પ્રકારના રોગમાં ઘણું કરીને જ્વર (તાવ) ઘણો બળ-

વાન છે તો તે રોગને દૂર કરવાને માટે અર્થાત્ જ્વર દૂર થવાને માટે હિતકારી ઔાષધ કહુંછું ॥ ३ ॥

पूर्वं ज्वरे सदा कुर्याद्रेचनं रोगशान्तये ॥

पश्चाल्लंधनभैषज्यं कुर्वाणो जायते सुखी ॥ ४ ॥

પ્રથમ જ્વર વાળાને રેચ (જુલાબ) આપવો જેથી જ્વરની શાંતિ થાયછે. એમ કર્યાપછી લંઘન કરાવવું જેથી તાવ મટીને સુખી થાય છે. ॥ ૪ ॥

॥ अथ वातज्वरे क्वाथः ॥

अमृता नागरं मुस्ता निशा धान्यं समानकैः ॥

वातज्वरे प्रदातव्यः कृष्णायुक्तः कषायकः ॥ ५ ॥

ગળો, સુંઠ, નાગરમોથ, હળદર અને ધમાસો એ સઘળાં સમાન લઈને ક્વાથ (ઊકાળો) કરી તેમાં પીપરનું ચૂર્ણ નાખીને પાવાથી વાતજ્વર (વાયુ કોપથી થએલો તાવ) મટેછે. ॥ ૫ ॥

॥ अथ पित्तज्वरे कषायः ॥

द्राक्षा चारग्वधो मुस्ता रेणु पथ्याजलैः समम् ॥

क्काथो मधुयुतो हन्ति ध्रुवं पित्तज्वरं महत् ॥ ६ ॥

કાળીદ્રાક્ષ, ગરમાળાનો ગોળ, નાગરમોથ, રેણુક (રેણુક ન મળે તો કેટલાક વૈદ્ય રેણુકને બદલે પ્રતિનિધિમાં પિત્તપાપડો મેળવેછે) હરડે અને વીરણના વાળો, એ સર્વ બરાબર વજને લઈને તેનો ક્વાથ કરી મધ સાથે પીવા આપવાથી પિત્ત થકી થએલો જ્વર નાશ પામે છે. ॥ ૬ ॥

॥ अथ कफज्वरे कषायः ॥

वासाग्रंथिकातिक्तारोधरधन्वकधान्यकैः ॥

विश्वौषधान्वितः क्काथः कफज्वरविनाशकृत् ॥ ७ ॥

અરડુસી, પીપરીમૂળ, કડુ, નાગરમોથ, ધમાસો અને ધાણા, એ-એ બરાબર લઈ કવાથ કરી સુંઠનુચૂર્ણ મેળવી પીવાથી કફજ્વર નાશ થાયછે. ॥ ७ ॥

॥ अथ वेलाज्वरे क्काथः ॥

मुस्तामृतानागरधन्वधात्रीक्षुद्रायुगारिष्टजभृंगराजैः ॥
समानभागैर्मधुनासमेतो वेलाज्वरं हन्ति कृतःकषायः ॥८॥

નાગરમોથ, ગળો, સુંઠ, ધમાસો, આંબળાં, ઉભીરીંગણી, ભોંય-રીંગણી, લીંમડાની છાલ અને ભાંગરો એ બરાબર ભાગે લઈ કવાથ કરી થંડોથયે મધની સાથે પીએ તો વેલાજ્વર દૂર થાય. ॥ ૮ ॥

॥ अथ वातपित्तज्वरे क्काथः ॥

मुस्तानागरभूनिंबरेणुच्छिन्नोद्भवैःसमः ॥
क्काथोयंपंचभद्राख्योवातपित्तज्वरापहः ॥ ९ ॥

નાગરમોથ, સુંઠ, કરીયાતું, રેણુંક, (પિત્તપાપડો) અને ગળો આ પાંચ સમાન ભાગે લેવાં એને પંચભદ્ર કવાથ કહેછે આ કવાથ વાતપિત્તથી ઉત્પન્ન થએલા જ્વરને દૂર કરેછે. ॥ ૯ ॥

॥ अथ वातकफज्वरे क्काथः ॥

द्विपंचमूलकः क्काथः कणचूर्णेन भावितः ॥
देयो वातकफेशूले ज्वरे श्वासे च पीनसे ॥ १० ॥

દશમૂળનો કવાથ કરીને તેમાં પીપરનું ચૂર્ણ નાખીને પીવો. તેથી શૂળ, ખાંસી અને સળીખમ સહિત વાત કફ જ્વર નાશ પામશે. । ૧૦ ।

॥ अथ कफपित्तज्वरे कषायः ॥

धान्यकंसलिलंमुस्तानिशापथ्याद्विजीरकैः ॥
कफपित्तज्वरेक्राथःप्रोक्तोयंकविहस्तिना ॥ ११ ॥

ધાણા, વાળો, નાગરમોથ, હળદર, હરડેદળ અને બન્યે પ્રકારનાં જીરાં (જીરૂં-શાહજીરૂં) એ સઘળાં સમાન લઈને કવાથ કરીને પીવાથી કફપિત્તથી પ્રકટ થએલો જ્વર શમે એમ હરિત કવી કહેછે. ॥૧૧॥

॥ अथ शीतज्वरे कषायः ॥

शक्राह्वामृतदद्रुघ्नवृषनिर्गुण्डिकैःसमम् ॥
भृंगराजौषधैःक्वाथोहन्तिशीतज्वरं ध्रुवम् ॥ १२ ॥

ઈંદ્રજવ, ગળો, પુવાડીયા, અરડૂસો, નગોડ, ભાંગરો, અને સુંઠ એ-ઓના બરાબર ભાગ લઈ કવાથ કરી પાય તો ટાઢીયો તાવ દૂર થાય. ૧૨

॥ अथ चातुर्थिकज्वरे नस्यम् ॥

जीर्णेनसर्पिषायुक्तरामठस्यच नस्यकम् ॥
दुग्धेनत्रिफलापानान्नश्येच्चातुर्थिकज्वरः ॥ १३ ॥

જુના ઘીની અંદર હીંગ મેળવીને તેનો નાસ લેવાથી ચોથીયો તાવ દૂર થાયછે, તથા દુધની સાથે ત્રિફળા [હરડાં, બેહેડાં, આંબળાં,] પીવાથી ચોથીયો જ્વર મટેછે. ॥ ૧૩ ॥

॥ अथ दैवदोषज्वरे लेपः ॥

सर्षप निम्बपत्राणि हिंगु सर्पस्यकंचुकी ॥
गुग्गुलेनकृतोलेपोदैवदोषज्वरापहः ॥ १४ ॥

સરસવ, લીમડાનાં પાંદડાં, હીંગ, સર્પની કાંચળી અને ગુગળ એ સમાન લઈને આટી શરીરે લેપ કરવાથી દોષજ્વર દૂરથાયછે. ૧૪

॥ अथ एकान्तरज्वरावलेहः ॥

रसं धत्तूरपत्रस्य पलार्धं दधिना सह ॥
पीत्वामधुयुतं हन्ति महदेकान्तरज्वरम् ॥ १५ ॥

ધંતૂરાના પાંદડાનો રસ દહીં તોલા બે મધ્યે મેળવી ખાય અથવા મધ મેળવીને ખાય તો બળવાન એકાંતરીઓ પણ મટી જાયછે. ૧૫

॥ अथ सन्निपातज्वरे कषायः ॥

भूनिम्बनिम्बामृतदारुपथ्या कृष्णा निशायुग्मफलत्रयंच ॥
वातारिमूलं त्रिकटुप्रियंगू रास्नार्कमूलं क्रिमिशत्रुतिक्तैः १६
एतेषां विहितं क्वाथं दशमूलयुतं पिबेत् ॥
मरुत् पित्तकफोद्भूतां सन्निपातंज्वरं हरेत् ॥ १७ ॥

કરીયાતું, લીમડાનીછાલ, ગળો, દેવદારૂ, હરડે, પીપર, બન્ને પ્રકારની હળદર (હળદર, દારૂહળદર), હરડાં, બેહેડાં, આંબળાં, એરંડમૂળ, ત્રિકટુ (સુંઠ–પીપર–મરી), કાંગ, રાસ્ના, આકડાનુંમૂળ, વાવડીંગ અને કડુ એ સાથે દશમૂળ લઈને ઉકાળીને પીવાથી વાત પિત્ત અને કફથી થએલો સન્નિપાત જ્વર મટે છે. ॥ ૧૬ ॥ ૧૭ ॥

॥ अथ तृतीयज्वरोपायः ॥

रवौशतावरीमूलं कन्यासूत्रेण वेष्टितम् ॥
स्थितं करेच कंठेतु तृतीयज्वरनाशकृत् ॥ १८ ॥

રવીવારને દિવસે. શતાવરીનુંમૂળ લઈને કુમારીકા છોકરીએ કાંતેલું સૂતર તે વડે વીંટીને હાથે કે, ગળે બાંધવાથી ત્રીજે દિવસે આવતો તાવ દૂર થાયછે. ૧૮

॥ अथ कासश्वासज्वरेक्वाथः॥

कृष्णामृतानागरदारुसिंहीभार्गीधनाग्रंथिकपुष्कराह्वैः ॥
सश्वासकासेन युते ज्वरेपि कृतः कषायः पवनापहारी १९

પીપર, ગળો, સુંઠ, દેવદાર, રીંગણી, ભારંગી, ધાણા, પીપરીમૂળનાગંઠોડા, એરંડમૂળ અને ચિત્રક એ સર્વ બરાબર લઇ તેનો કવાથ કરી પાવાથી ઉધરસ શ્વાસ સહિત પ્રકટ થએલ તાવ અને વાયુ ને દૂર કરેછે. ॥ १९ ॥

॥ अथ अतीसारज्वरे चूर्णम् ॥

विश्वासर्जरसोपेता धातकी श्रीसमानकैः ॥
चूर्णं शीतोदके पानादतीसारज्वरं हरेत् ॥ २० ॥

સુંઠ, રાળ અને ધાવડીનાં ફુલ એ બરાબર ભાગથી લઈ ઠંડા પાણીસાથે ફાકવાથી અતિસાર સાથેના તાવને દૂર કરેછે. ॥ २० ॥

॥ अथ सर्वज्वरे अंजनम् ॥

हिंगुनिम्बस्य बीजंतु कृष्णसर्पस्य कंचुकी ॥
संघृष्टं खरमूत्रेण चाञ्जनं सर्वतापजित् ॥ २१ ॥

હીંગ, લીંમડાની લીંબોળીઓનો મગજ, પીપર અને કાળા સર્પનીકાંચળી એ એકત્રકરી ગધેડાના મૂત્રમાં ઘસીને આંખમાં અંજન કરવાથી સર્વ જાતના તાવ દૂર થાયછે. ॥ २१ ॥

॥ अथ सर्वज्वरे लेपः ॥

किरातं लवणं शुंठी कुष्ठचंदनवालकैः ॥
वस्त्रेण गालितो लेपः सर्वज्वरविनाशकृत् ॥ २२ ॥

કરીયાતું, સૈંધવ, સુંઠ, ઉપલેટ, સુખડ અને વાળો એ સર્વેને વાટી વસ્ત્રગાળ કરીને લેપકરવાથી સર્વ પ્રકારના તાવનો નાશ થાયછે. २२

॥ अथ सर्वज्वरे गुटिका ॥

टंकणं मरिचं कृष्णाहंसपाकविषं समम् ॥
आर्द्रोदकेन दातव्या गुटी सर्वज्वरापहा ॥ २३ ॥

ટંકણખાર, મરી, પીપર, હીંગળોક અને વછનાગ એ સમાન લઈને તેનું ચૂર્ણ કરી આદાના રસમાં ગોળી કરીને આપવાથી સર્વ પ્રકારના તાવ મટેછે. ॥ ૨૩ ॥

॥ अथ सर्वज्वरे चूर्णम् ॥

दीप्याभयारामठवह्निविश्वाः क्षारद्वयं जीरकयुग्मकृष्णा ॥
फलत्रयं संचलसैंधवं च कृतंहि चूर्णं ज्वरनाशकारि ॥ २४ ॥

અજમો, મોટી હરડેદળ, હીંગ, ચિત્રક, સુંઠ, બન્યે પ્રકારના ખાર, જીરૂં, શાહજીરૂં, ત્રિફળા (હરડાં બેહેડાં આંબળાં), સંચળ અને સેંધવ, એ સર્વ સમાન લઈ તેનું ચૂર્ણ કરી ફાકવાથી સર્વ પ્રકારના તાવનો નાશ થાયછે. ॥ ૨૪ ॥

॥ अथ सर्वज्वरे क्वाथ. ॥

छिन्नोद्भवानागरनिम्बवासातिक्ताभयापुष्करभृंगधन्वैः ॥
कृतः कषाको मधुना विमिश्रःसर्वज्वरंशान्तिमयंनयेच्च २५

ગળો, સુંઠ, લીમડાની છાલ, અરડુસો, કડુ, હરડે, પુષ્કરમૂળ (એરંડમૂળ) ધમાસો અને ભાંગરો એસર્વ સમાન લઈ ક્વાથ કરી ઠંડો થયે મધ મેળવી પીવાથી સર્વ જાતના તાવ મટેછે. ॥ ૨૫ ॥

एकाहीकादिज्वरे कुब्जादि क्वाथः

कुब्जोग्रानंतपथ्याप्यनिलरिपुजटातिक्तकत्रायमाणैः ॥
मुंडीपंचोषणेनान्वितबृहतियुगंगुग्गुलुर्वाजिगंधा ॥

तर्कारी शिग्रुपाठाशठि च कृमिरिपुर्द्विहरिद्राख्यतिक्तैः ॥
वासामुस्ताजमोदामरतरुरसनाशृंगिकं गोक्षुरं च ॥ २६ ॥
काथो द्वात्रिंशनामा चरकमुनिमतः कुब्जकाख्यः प्रसिद्धो ।
हन्यादेकाहिकादीन् ज्वरसकलरुजः सन्निपातान् समग्रान् ।
पांडुं शोफो दरंश्च व्रणगदगुदजान् कुष्टकंडूप्रकंपान् ॥
कौब्ज्यं प्लीहादिगुल्मग्रहणिगुदगदान् सर्वसंध्यास्थिवातान्

કુળો, વજ, ધમાસો, લરડે, એરંડાનાં મૂળ, કરીયાતું, બાપ-માણુ, બોડાગ્યો કલાર, પીપર, પીપરીમૂળના ગંઠોડા, ચિત્રો, ચ-વક, સુંઠ, રીંગણી, ભોંયરીંગણી, ગુગળ, આસંધ, અરણીનાં મૂળ, સરગવાની છાલ, પાહાડમૂળ, પડકચુરો, વાવડીંગ, હળદર, દારૂહ-ળદર, કડુ, અરડુશી, મોથ. અજમોદ, દેવદાર, રાસના, કાકડાશીંગી, અને ગોખરૂ, એ બત્રીશ ઓાષધોના કવાથને બત્રીશો કવાથ કહેછે. એ કુબ્જાદિક કવાથ ચરક મુનિએ કહેલો છે અને તે પ્રસિધ્ધ છે. એ કવાથ એકાંતરિયા વગેરે તાવની સઘળી પીડાઓને, અને સઘ-ળા પ્રકારના સન્નિપાતને મટાડે છે. વળી પાંડુરોગ, શોફરોગ (સો જાનો રોગ), ઉદર રોગ (પેટસંબંધી વ્યાધિઓ , વ્રણરોગ (ચાંદાં અને વહેતાં ગુમડાંના રોગ ; અર્શરોગ, કોઢ, ખસ, કંપરોગ, વાંકા થઈ જવાનો વાયુનો રોગ, બરોળ વગેરે, ગુલ્મ (ગોળાનો રોગ), ગ્રહણીના અને ગુદાના રોગો, તથા સઘળા સાંધાના અને હાડકાંના વાયુ, એ સર્વ રોગોને આ કવાથ મટાડેછે.

॥ अथ ज्वरारीरस. ॥

गंधकं स्वर्णबीजानि तालनगरसोषणैः ॥
मनःशिलाच कारेलीरसेन गुटिकाकृता ॥ २८ ॥

श्रृंगबेररसेनैका दत्ता सर्वज्वरापहा ॥
आध्मानं शीतं मंदाग्निकफव्याधिविनाशिनी ॥ २९ ॥

ગંધક, ધંતૂરાનાંબીજ, હરતાલ, સુંઠ, શોધેલો વછનાગ, શુદ્ધકરેલો પારો, મરી, અને શુદ્ધ કરેલો મનશીલ એ બરાબર ભાગેલઈ કારેલીના રસમાં ઘુંટી બે વાલ પૂર–પ્રમાણે ગોળી બાંધવી તેમાંથી એક ગોળી આદાના રસની સાથે આપવાથી સર્વ પ્રકારના તાવ, આફરો, શીત, જઠરાગ્નિનું મંદપણું અને કફના વ્યાધીઓને દૂર કરેછે. ॥२८–२९॥

इति श्रीवैद्यवल्लभेहस्तिरुचिकविरचिते सर्वज्वरप्र- ॥
तीकारनिरूपणो नाम प्रथमो विलासः ॥ १ ॥

ઇતિ શ્રી હસ્તિરૂચિ પ્રણીત વૈદ્યવલ્લભે શ્રી અહમદાબાદ નિવાસી. સાઠોદરા નાગર રાજકવી હર્ષદરાય સુંદરલાલ કૃત ગુર્જર ટીકાયાં. સર્વ જ્વર પ્રતિકાર નિરૂપણો નામ પ્રથમો વિલાસઃ

॥ द्वितियो विलासः॥

॥ अथ युवतीरोगाधिकारः ॥ गर्भधारणप्रयोगः ॥

सगर्भामहिषीदुग्धमजामूत्रेण यापिबेत् ॥
सानारीलंभतेगर्भमेतद्धस्तिकवेर्मतम् ॥ १ ॥

ગાભણી ભેંશનું દુધ, બકરીના મૂત્રસાથે પીવાથી સ્રીને ગર્ભ રહેછે એમ ગ્રંથકર્ત્તા હસ્તિરૂચિ કહેછે. ॥ १ ॥

क्लौरुद्रजटांदोलाणोद्तेन च या पिबेत् ॥
सानारीलभतेगर्भमेत[illegible]स्तिकवेर्मतम् ॥ २ ॥

રજસ્વલા પ્રાપ્તથએલી સ્ત્રીને વડની વડવાઈ લઈને ગાયના ઘીમાં ઘસીને પીવાથી સ્ત્રીગર્ભ ધારણ કરીશકેછે એ પ્રમાણે હરિતરુચિકહેછે.

नागकेसरसंयुक्तंजीरकंगोघृतेनच ॥
त्रिदिनंयापिबेन्नारी सगर्भा भामिनी भवेत् ॥ ३ ॥

નાગકેસર એક ટાંક, અને જીરૂં એક ટાંક લઈ ચૂર્ણ કરી ૪ તોલા ગાયના ઘીમાં ત્રણ દિવશ સુધી પીવાથી સ્ત્રી ગર્ભવંતી થાય છે. ॥ ૩ ॥

समूलपत्रसर्पाक्षींरविवारेसमुद्धरेत् ॥
एकवर्णगवांक्षीरैःकन्याहस्तेनमर्दयेत् ॥ ४ ॥
ऋतुकालेपिबेद्वन्ध्यापलार्धदिनसप्तकम् ॥
क्षीरशाल्योदनं पीत्वा मिष्टाहारं प्रदापयेत् ॥ ५ ॥
उद्वेगभयशोकार्त्तिदिवानिद्रादि वर्जयेत् ॥
न कर्म क्रियते किञ्चिदायासि शीततापयोः ॥ ६ ॥
एवं सप्तदिनं कुर्याद्वंध्या भवति गर्भिणी ॥
चक्रांका वारिणा पीत्वा सगर्भा भामिनीभवेत् ॥ ७ ॥

આદિત વારને દિવસે, જડ પાંદડાં સુધાં એટલે સરપંખાનું પંચાંગ ઉપાડીલાવીને એક વરણી ગાયના દુધસાથે પરણ્યા વગરની કન્યા પાસે ઘુંટાવી તેમાંથી બે તોલા ભાર સ્ત્રીએ સાતદિવસ પર્યંત પીવું તેથી વંધ્યા પણ ગર્ભ ધારણ કરે છે. તે ઉપર ગાયનું દુધ, ડાંગરના ચોખા, અને મિષ્ટ પદાર્થનો અહાર કરવો. ઉદ્વેગ, શોક, ભય અને દિવશે નિદ્રા તથા ટાઢ અથવા તાપનું સેવન કરવુ નહીં.

કાંસકીની જડ પાણીમાં ઘસીને પીવાથી પણ ગર્ભ ધારણ થાય છે એમ ગ્રંથકાર શ્રી હસ્તિરૂચિ કવી કહેછે ॥ ૪-૫-૬-૭ ॥

पार्श्वपिप्पलबीजस्य चूर्णखंडघृतेनच ॥
या पिबेदृतुकालेषु सा नारी लभते सुतम् ॥ ८ ॥

રૂતુકાળમાં એટલે અટકાવ આવ્યા પછી પારસપીપળાનાં બીજનું ચૂર્ણ ખાંડ અને ઘીની સાથે મિશ્ર કરીને પીએ તો તે સ્ત્રી ગર્ભ ધારણ કરે. ॥ ૮ ॥

अथ गर्भसंरक्षण प्रयोग:

धातकीपुष्पनीरं तु प्रदेयं सितयासह ॥
दिनत्रयमतोनार्याः पतद्गर्भश्च तिष्ठति ॥ ९ ॥

ધાવડીનાં ફુલ તથા સાકર એ સરખે વજને ટાઢાપાણી સાથે ત્રણ દિવસ પીએ તો સ્ત્રીનો ગર્ભ પડતો સ્થિર રહેછે. ॥ ૯ ॥

तिलाश्च शर्करा पद्मकंदं च मधुनान्वितम् ॥
सदास्य भक्षणान्नार्याः पतद्गर्भश्च तिष्ठति ॥ १० ॥

તલ, સાકર અને કમળકંદ (મૂળ) એ ત્રણ ચીજો વાટી મધ સાથે મેળવી નિરંતર ગર્ભણી સ્ત્રીએ સેવન કરવી તેથી ગર્ભ પડતો હોય તો સ્થિર રહે. ॥ ૧૦ ॥

अथ गर्भवृद्धि प्रयोग:

वरी विश्वाश्वगंधा च मधुकं भृंगराट् समैः ॥
अजादुग्धेन पानाच्च नार्या गर्भस्य वृद्धिकृत् ॥ ११ ॥

શતાવરી, સુંઠ, આસન, જેઠીમધ અને ભાંગરો એ સર્વ સમાન લઈને બકરીના દુધ સાથે પીવાથી સ્ત્રીના ગર્ભની વૃદ્ધી થાયછે. ૧૧

शीतोदकेन देयानि जागूसकुसुमानिच ॥
तस्माद्भवति नारीणां गर्भवृद्धिः सुनिश्चिता ॥ १२ ॥

જાસુલનાં ફુલ ટાઢા પાણી સાથે ગર્ભવતી સ્ત્રીને આપવાથી ગર્ભને પુષ્ટિ મળેછે ॥ ૧૨ ॥

॥ अथ योनिसंकोचनप्रयोगः ॥

कटुतुंबीसुपत्राणि लोध्रयुक्तानि मर्दयेत् ॥
धारयेद्गुठिकां तस्माद्योनिसंकीर्णताभवेत् ॥ १३ ॥

કડવી તુમડીનાં પાંદડાં અને લોદર એ બન્યેને ખરલમાં ઝીણાં વાટી તેની ગોળી કરી ભગમાં રાખવાથી ભગ સંકોચ પામેછે. ૧૩

त्रिफला विजया लोध्रः सदुग्धा दाडिमत्वचा ॥
समांशे चूर्णयेत्सर्वं तर्कारीरसभावितम् ॥ १४ ॥
पश्चात्तस्य गुटीं कृत्वा नक्तं वाधारयेद्भगे ॥
तस्माद्भवति संकीर्णं सुंदर्याः स्मरमन्दिरम् ॥ १५ ॥

ત્રિફળા (હરડાં, બેહેડાં, આંબળાં,) ભાંગ, લોદર, દુધેલી અને દાડિમની છાલ, એ સમાન ભાગે લઇ અરણીના રસમાં ઘુંટી ગોળી બાંધી રાતે ભગમાં રાખે તો યોનિ સંકોચ પામે.

॥ अथ स्त्रीधातुरोगे ॥

धात्री धन्वकनीरं तु शर्करा जीरकेनच ॥
भामिनीभगवीर्यस्य बंधं सृजतिसत्वरम् ॥ १६ ॥

આંબળાં, ધમાસો, વાળો, સાકર અને જીરૂં એ સઘળાં સમાન ભાગે લઈને તેનું ચૂર્ણ કરી ફાકવાથી સ્ત્રીઓના ધાતુના રોગ મટેછે

मधुकैलालघु पथ्याक्काथो गोक्षुरकैः समम् ॥
प्रतिवाससिताद नात्स्त्र्यां धातुरोगजित् ॥ १७ ॥

જેઠીમધ, એળચી, હીંમજ અને ગોખરૂ એ સમભાગ લઈને તેનો ક્વાથ કરી સાકરનો પ્રતિવાસ દઈ પીવાથી સ્ત્રીનો ધાતુરોગ મટે છે.

॥ गर्भपातप्रयोगः ॥

विश्वौषधात्पंचगुणं रसोनकमुत्काल्यनारी त्रिदिनंप्रपाययेत् ॥
गर्भस्यपातःप्रभवेत्सुखेनयोगोयमाद्य.कविहस्तिनामतः ॥ १८ ॥
पिप्पलीपिप्पलीमूलंक्षुद्रानिर्गुण्डिकासमैः ॥
गवाक्षीसंभुतःक्काथोनार्यागर्भस्यनाशकृत् ॥ १९ ॥
गुंजाचूर्णसमादायजलेनपलमानतः ॥
त्रिदिनंक्रियतेनार्यागर्भपातोभवेद्ध्रुवम् ॥ २० ॥
अनसीतैलमुत्काल्यगुडयुक्तंप्रदापयेत् ॥
गर्भपातोहिनारीणांसद्योभवतिनिश्चितम् ॥ २१ ॥
गुग्गुलंपलमानंतु तैलेनोत्काल्ययापिबेत् ॥
सानारी निजगर्भस्य सुखेन पतनं चरेत् ॥ २२ ॥
गवाक्षीमूलमादाय धारयेत्स्मरमन्दिरे ॥
गर्भपातो भवेत्स्त्रीणां योगोयं कविहस्तिना ॥ २३ ॥

पुष्प नाशक प्रयोगः

शिवाफलस्य बीजं तु पलमात्रं दिनत्रयम् ॥
सितया समदानाच्च स्त्रीणां पुष्पं च गच्छति ॥ २४ ॥

હરડેની મીંજ ચાર તોલા તેને ત્રણ દિવસ સુધી સાકર સાથે મેળવી આપે તો તે સ્ત્રી રજસ્વલા થશે નહીં. ૨૪

दुग्धामूलमजादुग्धं कामिन्यादिनत्रयम् ॥
कारितं कविना सम्यक्स्त्रीणां पुष्पं निवर्तते ॥ २५ ॥

દુધેલીની જડ, બકરીના દુધ સાથે સ્ત્રી ત્રણદિવસ પીએ તો સ્ત્રી રજસ્વલા નહીં થાય એમ હસ્તિરૂચિ કહેછે. ૨૫

पुष्यार्केस्वर्णमूलं तु गृहीत्वा कटिबंधनम् ॥
कदानोत्पद्यते गर्भो रंडावेश्यादियोषिताम् ॥ २६ ॥

પુષ્ય નક્ષત્રને રવીવાર હોય તે દિવસે ધતૂરાની જડને વિધિસહ લઇને કમરમાં બાંધે તો રંડા વૈશ્યાને કદી ગર્ભ રહેશેજ નહીં. ૨૬

रक्षां पलाशबीजस्य पीत्वा शीतेन वारिणा ॥
नभ्रूणं लभते नारी श्रीहस्तिकविना मतः ॥ २७ ॥

ખાખરાના બીજની રાખ, ઠંડા પાણીની સાથે પીએ તો સ્ત્રીને ગર્ભ રહેશેજ નહીં. એમ હસ્તિરૂચિ કહેછે. ૨૭

उत्काल्य बदरीलाक्षां तैलेन सह या पिबेत् ॥
द्विकर्षमात्रा सा नारी न गर्भं लभते पुनः ॥ २८ ॥

બોરડીની લાખને તેલમાં ઉકાળીને તેને બે તોલાના પ્રમાણ જેટલું પીએ તો તે નારી ફરી ગર્ભ ધારણ કરે નહીં. ૨૮

रामठेन युतं तैलं या पिबेद्दिनपंचकम् ॥
हस्तिना कथितं तस्मात्कदा गर्भो न जायते ॥ २९ ॥

તેલની સાથે હીંગ પાંચદિવસ પીએ તો હસ્તિરૂચિ કહેછે કે તેને કદી ગર્ભ થાય નહિ. ૨૯

गुडतैलेन संयुक्तं चूर्णं चित्रकसंभवम् ॥
त्रिदिनं कार्यते नार्या पुनर्गर्भो न जायते ॥ ३० ॥

ગોળ અને તેલમાં ચિત્રકનું ચૂર્ણ મેળવી ત્રણદિવસ ખાય તો તે સ્ત્રીને ફરી ગર્ભ રહે નહીં. ૩૦

कारेलीरसपानाच्च माषाजीर्णगुडेनच ॥
शुष्कजाम्रूसपुष्पाणि त्रिभिर्गर्भो न जायते ॥ ३१ ॥

કારેલીનો રસ પીએ અથવા અડદ અને જુનો ગોળ અથવા જાસુલનાં સુકાં ફુલ ખાય એ ત્રણ યોગથી ગર્ભ રહેતો નથી. ૩૧

॥ अथ रक्तप्रदरोपाय: ॥

कलिंगोऽतिविषाव्योषं बिल्वं मुस्ता च धातुकी ॥
चूर्णमेषांकृतं नार्यो रक्तस्रावं हरेद् ध्रुवम् ॥ ३२ ॥

ઇંદ્રજવ, અતિવિષનીકળી, સુંઠ, બીલી, પીપર, નાગરમોથ, અને ધાવડીનાં ફુલ, એઓનુ ચૂર્ણ કરી ખાવાથી સ્ત્રીઓનો લોહીવા મટેછે.

जीर्णछोहसमंगेला सिता च समभागतः ॥
भक्षणात् हरते स्त्रीणां रक्तस्रावरुजं महत् ॥ ३३ ॥

જુની છો, મજીઠ, એળચી અને સાકર, એ સર્વ સમ ભાગે લઇને (સવાર સવારમાં ત્રીશ દિવસ) ખાવાથી સ્ત્રીઓને રક્તસ્ત્રાવની ઘણી મોટી પીડા હોય તથાપિ તે મટે છે. ૩૩

जलेनकेतकीमूलं संघृष्य सितया सह ॥
कारितं कविनानार्या रक्तस्रावं निवर्त्तते ॥ ३४ ॥

પાણી સાથે કેતકી (કેવડા) નું મૂળ ઘસીને સાકર સાથે પીવાથી સ્ત્રીનો લોહીવા મટે. ૩૪

॥ अथ लोमपातप्रयोगः ॥

केशानुत्पाट्य पूर्वंहि शुनीदुग्धं प्रलेपयेत् ॥
कविना कथितं सम्यक् योनिलोमविनाशनाय ॥ ३५ ॥

પ્રથમ વાળને ઉપાડીનાંખી, તે ઉપર કુતરીનું દુધ ચોપડવાથી યોનિ ઉપરના વાળ ફરી ઉગતા નથી, એમ હસ્તિરૂચિ કહેછે. ૩૫

सुधाकुक्कुटविष्टाच शृंखला कनकं स्तथा ॥
अश्वमूत्रेण संलेपो लोमनाशस्तदाभवेत् ॥ ३६ ॥

કળીચુનો, મરઘડાની હઘાર, હાડ સાંકળ, અને ધતુરાના પાનનો રસ એઓને ઘોડાના મૂત્રસાથે ઘુંટી ચોપડવાથી યોનિના વાળ જતા રહેછે. ૩૬

॥ नष्टपुष्पआगमनप्रयोगः ॥

हिंगुसौवर्चलं व्योषं भार्ङ्गी चूर्णं समानकैः ॥
उष्णनीरेण नारीणां नष्टपुष्पं लभेत्पुनः ॥ ३७ ॥

હીંગ, સંચલ, સુંઠ, પીપર, મરી, અને ભારંગી, એ બરાબર લઈ તેનું ચુર્ણ કરી ઉષ્ણ પાણી સાથે ફાકવાથી સ્રીને અટકાવ ચઢી ગયો હોય તે ફરીને આવેછે. ॥ ૩૭ ॥

॥ अथ योनिशोफरोगे लेपः ॥

शुंठीपुनर्नवामूलं संघृष्टं छागसर्पिषा ॥
लेपतो नरसंगोत्थं योनिशोफं हरेध्रुवम् ॥ ३८ ॥

સુંઠ. અને સાટોડીના મૂળને બકરીના ઘીની સાથે ઘસી સ્રીની યોનિ ઉપર લેપ કરવાથી સંભોગ કર્યાથી થએલ સોજો નાશ થાયછે.

॥ अथ सूति ..रोगे काथः ॥

तिक्तदारु वचाशिग्रु त्रिकटुरविमूलकैः ॥
दशमूलयुतः काथःसूतिकासर्वरोगजित् ॥ ३९ ॥

કડુ, દેવદાર, વજ, સરગવો, ત્રિકડુ (સુંઠ, પીપર, મરી) અને આકડાનું મૂળ તેની સાથે દશમૂળ એઓને કવાથ કરી પીવાથી, સુવાવડી સ્ત્રીના બધારોગને નાશ કરેછે. ॥ ૩૯ ॥

॥ अथ प्रदररोगे ॥

सिता सर्जरसोपेता त्रिफला नीरपानतः ॥
उष्णवातंच प्रदरं स्त्रीणां ि.त्तरुजं हरेत् ॥ ४० ॥

સાકર, રાળ, તથા ત્રિફળા એ સમાન ભાગે લઇ પાણીમા ઘુંટી પાવાથી પ્રદર, પિત્તના રોગ અને ઉનવા મટેછે. ॥ ૪૦ ॥

इति श्रीहस्तिकविविरचिते वैद्यवल्लभे स्त्रीरोगप्रतीकारोनाम द्वितीयो विलासः ॥ २ ॥

ઈતિ શ્રી હસ્તિરૂચિ પ્રણીત વૈદ્યવલ્લભે શ્રી અહમદાવાદ નિવાસી સાઠોદરા નાગર રાજકવી હર્ષદરાય સુંદરલાલ કૃત ગુર્જર ટીકાયાં સ્ત્રીરોગ પ્રતીકારોનામ દ્વિતિયો વિલાસઃ

त्रतीयो विलासः

॥ अथ कासश्वासे .टिका ॥

पारदं गंधकं नागं सव्योषैः सानलैः समम् ॥
शिग्रु रसेन संचूर्ण प्रदेया...ना दश ॥ १ ॥

नागपत्ररसेनैव चार्द्रकस्य रसेनच ॥
वल्लप्रमाणा कफजित्कार्या सा गुटिकोत्तमा ॥ २ ॥
मंदाग्निकफरोगेषु कासश्वासे विशेषतः ॥
आध्मानपवनार्तौच प्रदेया सुखकारिणी ॥ ३ ॥

શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ વછનાગ, સુંઠ, પીપર, મરી અને ચિત્રક એ સમાન ભાગે લઇ ચુર્ણકરી સરગવાના રસના દશપુટ આપવા ત્યારપછી નાગરવેલ પાનનારસની અને આદાના રસની ભાવના આપી ઘુંટી તેની મરી જેવડી ગોળીઓ કરી સેવન કરે તો ઉધરસ તથા કફને દૂર કરેછે—આ ગોળી મંદાગ્નિ કફ, કાસ, શ્વાસ, આફરો તથા વાયુથી પ્રકટથએલી પીડાઓને દૂર કરેછે.

॥ कफश्वासे गुटिका. ॥

लवंगमरिचैस्तुल्यैस्त्रिफलासारतः समैः ॥
बंबुलस्य त्वचा कार्या गुटी श्वासकफापहा ॥ ४ ॥

લવીંગ, કાળાંમરી, હરડેદળ, બેહેડાં, આંબળાં અને ખેરસાર એ-સર્વ બરાબર વજને લઈને બાવલના છાલના રસમાં, (રસ ન હોય તો બાવલનાછાલનાઉકાલામાં) ઘુંટીને ગોળી કરવી. તે ગોળી શ્વાસ કફને દૂર કરેછે.

लवंगत्रिकटुनागशृंगीक्षुद्राबिभितकैः ॥
कन्यारसेन गुटिका कासश्वासनिवारिणी ॥ ५ ॥

લવીંગ, ત્રિકટુ (સુંઠ, પીપર, મરી) તેલીયો વછનાગ, કાકડા-શીંગી, ભોયરીંગણી, અને બેહેડાં, એ તમામ સરખા વજને લઇને

તેનું ચૂર્ણકરી કુંવારપાઠાનારસમાં ઘુંટી ગોળી બાંધવી–આ ગુટિકા શ્વાસ કફને દૂર કરેછે. ૫

त्रिकटु टंकणं नागं पत्रेण क्रियते गुटी ॥
वेल्लप्रमाणा कफजिन्नाम्ना त्रिपुरभैरवी ॥ ६ ॥

ત્રિકટુ (સુંઠ–પીપર–કાળાંમરી) ટંકણખાર અને વછનાગ, એ સમાન ભાગે લઈને પાનના રસમાં ગોળી મરીનાદાણા જેવડી બાંધવી. તેનું સેવન કરવાથી કફને દૂર કરે છે. આ ગુટિકાનું નામ ત્રિપુરભૈરવી છે. ૬

॥ अथ कासश्वासे चूर्णम् ॥

त्रिकटु त्रिफला वेल्लरास्नादारुबलान्वितैः ॥
सक्षौद्रेण कृतं चूर्णं कासश्वासकफापहम् ॥ ७ ॥

સુંઠ, પીપર, મરી, હરડાં, બેહેડાં, આંબળાં, વાવડીંગ, રાસ્ના, દેવદાર અને બળબીજ, એ સમાન ભાગે લઈને તેનું ચૂર્ણ કરીને મધ મેળવીને ખાવાથી કાસ, શ્વાસ તથા કફનો નાશ કરેછે. ॥ ૭ ॥

॥ अथ कासश्वासे क्वाथः ॥

वासानागरमुस्तानि भार्ङ्गी भूनिम्बनिम्बजैः ॥
मधुनासहितः क्वाथः श्वसनं कसनं हरेत् ॥ ८ ॥

અરડૂસી, સુંઠ, નાગરમોથ, ભારંગી, કરીયાતું અને લીમડાની છાલ, એ સર્વ સમાન ભાગે લઈને ક્વાથ કરી મધ સાથે પીવાથી ક્વાસ શ્વાસને દૂર કરેછે

॥ अथ कासश्वासे गुटी. ॥

फलत्रयं नागरदारु कृष्णा विषाभयावेल्लसुवर्णबीजैः ॥

दिनत्रयंभृंगरसैर्विमर्द्य कार्यागुटी श्वासकफापहारी ॥ ९ ॥

હરડે, બેહેડાં, આંબળાં, સુંઠ, દેવદાર, પીપર, વછનાગ, હરડેદળ, કાળાંમરી અને ધતુરાનાં બીજ, એ સઘળાં સમાન ભાગે લઈને વાટીને ત્રણ દિવસ સુધી ભાંગરાના રસમાં ઘુંટી તેની ગોળી કરી ખાવાથી શ્વાસ તથા કફને દૂર કરેછે.

॥ अथ कासश्वासावलेहः ॥

सगुडः कटुतैलेन वलेहः श्वासकासाजित् ॥
यथाक्षौद्रान्वितं व्योषचूर्णं श्वासकफापहम् ॥ १० ॥

ગોળને સરસીઆ તેલમાં કાલવી (મેળવી) ને ચટાડે તો શ્વાસ તથા કાસ મટેછે. તેમજ સુંઠ, મરી, અને પીપર તેના ચુર્ણને મધ સાથે મેળવી ચાટવાથી પણ શ્વાસ તથા કાસને શમાવેછે. ॥ ૧૦ ॥

वल्लयुग्मं स्नुहीदुग्धं गुडयुक्तेन सेवनात् ॥
कासश्वासंक्षयीरोगं हृद्रोगं च प्रणाशयेत् ॥ ११ ॥

બે વાલ થોરના દુધને ગોળ સાથે સેવન કરવાથી કાસ, શ્વાસ, ક્ષય તથા હૃદયના રોગને દૂર થાયછે. ૧૧

वासारसयुतं क्षौद्रं यो भजेद्दिनसप्तकम् ॥
क्षस्यधातुक्षयं श्वासकासरोगं विनश्यति ॥ १२ ॥

અરડુસીના રસમાં મધ મેળવીને સાત દિવસ ચાટવાથી ધાતુક્ષય, શ્વાસ અને ક્ષય રોગને મટાડે છે. ॥ ૧૨ ॥

वचाश्वगंधापामार्गतुलसीसर्षपैः समम् ॥
चूर्णं क्षयविनाशाय कारितं कविना नृणाम् ॥ १३ ॥

વજ, આસન, અંધાડો. તુળસી, સરસવ, સમાન ભાગે લઈ તેનું ચૂર્ણ ખાવાથી ક્ષયનો નાશ કરે છે એવો હસ્તિ કવીનો મત છે. ૧૩

अश्वगंधामृताभीरुदशमूलबलावृषा ॥

पुष्कराति[illegible]थः क्षयकासविनाशकृत् ॥ १४ ॥

આસન, ગળો, સતાવરી, દશ મૂળ (સમેરવો, ગધિસમેરવો, રીંગણી, ઉભીરીંગણી, ગોખરૂ, બીલી, અરણી, પાડળ, શીવણ અને અરલૂ એઓનાં મૂળ) બલબીજ, અરડૂસી, પુષ્કરમૂળ (એરંડાનું મૂળ અને અતિવિષ નીકળી, એ સમાન ભાગે લઈને કાઢો કરી પીવાથી કાસ ક્ષયનો નાશ કરે છે. ॥ ૧૪ ॥

पलैकं लवणं लात्वा सूर्यक्षीरेण मर्दयेत् ॥

खादयेत्तेन चूर्णेन क्षयरोगं सदा हरेत् ॥ १५ ॥

ચાર તોલા ભાર સેંધવ લઈ તેને આકડાના દુધની ભાવના આપવી. સંપુટમાં મુકી અગ્નિમાં પકવ કરવું, તે મીઠું ખાવાથી ક્ષય રોગ મટે છે. ॥ ૧૫ ॥

सत्वंगुडूच्यात्हतशुल्बबिल्वैश्चूर्णंहि[illegible] ॥

सद्धस्तिनावैक्षयरोगकासश्वासोपशान्तिस्त्रिदिनंस्फुटंस्यात् ॥

ગળોનું સત્વ, તાંબાની ભસ્મ, અને નાંનાં બીલાં, એ સમાન ભાગે લઇ ચૂર્ણ કરી અરડુસીના રસમાં મેળવી ત્રણ દિવસ સુધી ચાટે તો ક્ષય રોગ તથા કાસ શ્વાસને શાન્તિ કરે એવો હસ્તિ કવીનો મત છે.

॥ अथ शोफरोगे लेपः ॥

[illegible]नर्नवानिम्बविश्वासपटोलजलेनच ॥

सं[illegible]ष्याक्रियतेलेपःसद्यःशोफविनाश[illegible]त् ॥ १७ ॥

સાટોડી, લીમડાછાલ, સુંઠ, પટોલ પત્ર, એ સમાન ભાગે લઇને પાણીમાં ઘસી ખરડ કરવાથી, સોજાનો નાશ થાય છે. ॥ ૧૭ ॥

पुनर्नवामृताशुंठीदारुपथ्यासमांशकैः ॥
चूर्णमुष्णाम्बुनापीतंशोफंहन्तिसर्वगतः ॥ १८ ॥

સાટોડી, ગળો, સુંઠ, દેવદાર, હરડેદળ, એ સમાન ભાગ લઈ, તેનું ચૂર્ણ કરી ઉના પાણી (ઉષ્ણજળ) સાથે ફાકવાથી સોજો મટે છે.

सरामठंसकूष्मांडंसचूर्णटंकणान्वितम् ॥
गुडयुक्तंसदापीतंसद्यःशोफोदरंहरेत् ॥ १९ ॥

હીંગ, ભૂરા કોળાનો રસ, અને ટંકણખાર એ સમાન ભાગે લઈને તેમાં ગોળ મેળવીને પીવાથી સોજાનો રોગ શમે છે. ॥ ૧૯ ॥

पुनर्नवाभयादारुवातशत्रुसमांशकैः ॥
गोमूत्रेणकृतःक्वाथःशोफजिद्धस्तिनामतः ॥ २० ॥

સાટોડી, હરડેદળ, દારૂહળદર—કિંવા દેવદારૂ અને એરંડાની જડ એ સઘળા સમાન ભાગે લઇને ગાયના મૂત્રમાં કવાથ કરી પીવાથી સોજાનો નાશ થાયછે. એવો હસ્તરૂચિ કવિનો મત છે. ॥ ૨૦ ॥

सैन्धवाज्याभयादानाद्गोमूत्रेणच पिप्पली ॥
दुग्धेन महिषीमूत्रं त्रिभिः शोफोदरं हरेत् ॥ २१ ॥

સિંધવખાર, ઘી, હરડેદળ, તથા ગાયના મૂત્ર સાથે પીપરનું ચૂર્ણ, અથવા દૂધ સાથે ભેંશનું મૂત્ર, આ ત્રણ પ્રયોગ સોજાની વ્યાધીને દૂર કરનારાં છે. ॥ ૨૧ ॥

॥ अथ विस्फोटकरोगे कषायः ॥

वासामृतारेणुकास्तधान्यपटोलशुंठीत्रिफलातथैव ॥ भूनि-

म्बनिम्बैःक्वथितःकषायोविस्फोटकानहन्त्यचिरेणरोगान् २२

અરડુસો, ગળો, રેણુંક, (રેણુંક ન મળે તો તેના બદલે પીતપાપડો નાંખવો,) નાગરમોથ, ધાણા, પટોળ, સુંઠ, હરડાં, બેહેડાં, આંબળાં, કરીયાતું, લીંમડાની છાલ એ સઘળાં સમાન ભાગે લઇને તેનો ક્વાથ કરી આપવાથી વિસ્ફોટની વ્યાધી દૂર થાય છે. ॥ ૨૨ ॥

॥ अथ विस्फोटकरोगे चूर्णम् ॥

दग्ध्वा मार्तंडमूलानि तच्चूर्णं पलमानतः ॥
मृततालपुटीयुक्तं दीयते दिनसप्तकम् ॥ २३ ॥
तत्पथ्ये चणका योज्या दुग्धोदन युतेन वा ॥
विस्फोटवान् प्रकुर्वाणः सशीघ्रंजायते सुखी ॥ २४ ॥

આકડાની જડને બાળીને તેની રાખ કરી તે સાથે હરતાલની ભસ્મ યોગ્ય વજને મેળવી, સાત દિવસ સુધી આપવી. તે ઉપર પથ્ય, ચણા, દુધ, ભાતનું ભોજન કરવું. એ સિવાય બીજુ કંઇ ખાવું નહીં. એમ કરવાથી વિસ્ફોટકથી પીડિત થએલો રોગી જલદીથી સારો થાય છે.

॥ अथ विस्फोटकव्रणरोगे लेपः ॥

एला जातीफलं तुत्थं गोघृतेन च मर्दयेत् ॥
हस्तिना कथितं हन्ति लेपाद्विस्फोटकव्रणम् ॥ २५ ॥

એળચી, જાયફળ, અને ફુલાવેલું મોરથુથું, એ બરાબર વજને લઇ ગાયનું ઘી સો વખત ધોઇને તેમાં મીશ્રન પ્રમાણે મેળવી-કાઢ-વીને લેપ કરવાથી વિસ્ફોટકના વ્રણની ચાંદીઓ શમી જાય છે ૨૫

॥ अथ विस्फोटकरोगे गुटी ॥

गुटी स्नुह्याश्च दुग्धेन पिष्ट्वा जीरकतन्दुलान् ॥

पथ्यायुक्तेन पानाच्च विस्फोटकरुजं हरेत् ॥ २६ ॥

થુવરના દુધ સાથે રૂઈ અને ચોખા વાટવા, પછી તેમાં હરડેદળનું બારીક ચૂર્ણ મેળવવું. ઘુંટી એકત્ર કરી તેની ગોળી બનાવીને ખાય તો વિસ્ફોટકનું દર્દ દૂર થાય છે. ॥ ૨૬ ॥

॥ अथ पामारोगे लेपः ॥

सिन्दूरं गंधकं तुत्थं सूतं धात्रीं विमर्दयेत् ॥
गोघृतेन कृताल्लेपात्पाम गच्छति सत्वरम् ॥ २७ ॥

સિંદૂર, ગંધક, મોરથુથુ, પારો, અને આંબળાં, એ સરખે વજને લઈને તેનું ચૂર્ણ કરીને ગાયના ઘીમાં મેળવી શરીરે મર્દન કર્યેથી પારસ ખસ મટી જાય છે. ॥ ૨૭ ॥

दद्रुघ्नं तंडुलालाक्षा गोतक्रेणच मर्दयेत् ॥
पश्चादालेपतो हन्ति पामादद्रुव्रणव्यथाम् ॥ २८ ॥

પુવાડાનાં બીજ, ચોખા, અને લાખ, એઓનું ચૂર્ણ કરી ગાયની છાશમાં મેળવી શરીરે મર્દન કરવાથી પામા (પારસં ખસ) રોગ મટેછે.

॥ अथ रक्तपित्तरोगे उपचारः ॥

मृततालं शुभं नीत्वा शिग्रुरससमन्वितम् ॥
पथ्यायुक्तेन दातव्यं रक्तपित्तविनाशकृत् ॥ २९ ॥

મારેલી હરતાલ, તેને સરગુવાના રસનો પુટ આપી તેને હરડે-દળના અનુપાન સાથે આપે તો રક્તપિત્તનો નાશ કરે. ॥ ૨૯ ॥

शर्कराछागदुग्धंच कारितं दिवसान् दश ॥
रक्तपित्तविनाशाय स[illegible]स्तिकविनामतः ॥ ३० ॥

બકરીના દુધમાં સાકર મેળવીને દસ દિવસ સુધી પીએ તો રક્ત

પિત્તને શમાવે છે. એવો હસ્તિ કવીનો મત છે. ॥ ૩૦ ॥

इति श्रीवैद्यवल्लभे हस्तिरुचिकविविरचितेक्षयशोथसमीर विस्फोटक पामादद्रुरक्तपित्तप्रभृतिप्रतीकारो नाम तृतीयो विलासः ॥ ३ ॥

ઇતી શ્રી વૈદ્યવલ્લભે શ્રી અહમદાવાદસ્થ કવિ હર્ષદરાય કૃત ગુર્જર ભાષા ટીકાયાં, ક્ષય શોથ, સમીર, વિસ્ફોટક પામાદદ્રુ રક્તપિત્ત પ્રભૃતિ પ્રતીકારો નામ તૃતિયો વિલાસઃ

॥ चतुर्थो विलासः ॥

॥ अथ बलवीर्यवर्द्धनो मोदकः ॥

अश्वगंधातिलामाषागुडसर्पिमहौषधैः ॥
मोदको भक्षितः प्रातर्बलवीर्यस्य वृद्धिकृत् ॥ १ ॥

આસન, કાળા તલ, અડદ, ગોળ, ઘી, અને સુંઠ એ બરાબર વજને લઇને તેના મોદક બનાવી તેમાંથી એક પ્રાતઃકાળમાં ખાધાં કરે તો બળ તથા વીર્યની વૃદ્ધિ કરે છે. ॥ ૧ ॥

मर्कटीगोक्षुराभ्यां च शाल्मलीशर्करामलैः ॥
आलोड्य मधुदुग्धाभ्यां भक्षणाद्वीर्यवृद्धिकृत् ॥ २ ॥

કૌચાં, ગોખરૂ, સાકર, શીમળો અને આમળાં એ સર્વે સમાન લઇ ચુર્ણ કરી મધ તથા દુધ મેળવી, મોદક બનાવી તેનું સેવન કરવાથી વીર્યની વૃદ્ધિ કરેછે. ॥ ૨ ॥

सदुग्धमुसलीमूलं योभजेद्दिनसप्तकम् ॥
सप्तमाच्छतनारीणां भोगं संजायते सरम् ॥ ३ ॥

દુધની સાથે કિરંગણ વા ચણોઠીનું મૂળ દુધ સાથે ઘસીને સાત દિવસ સુધી પીએ તો તે પુરૂષ સો સ્ત્રીને જીતી શકે તેવો શિકતવાન થાય છે; અર્થાત્ અત્યંત શકિતવાળો થાયછે. । ૩ ।

गुञ्जागोक्षुरकेच्चूर्णं मर्कटीबीजशर्करा ॥
दुग्धेन मिश्रितं कृत्वा सद्धस्तिकविना मतः ॥ ४ ॥
तद्गोषधं पलार्धंतु यः पुमान्निशि भक्षयेत् ॥
तस्य वीर्यस्य वृद्धिःस्याद्बलंरूपं विशेषतः ॥ ५ ॥

શુધ્ધ કરેલી ચણોઠી, ગોખરૂ, અને કૌચનાં બીજ તે સમ ભાગે લઈ સાકર તથા દુધમાં મેળવીને રાત્રીના સમયે પીવું તેવો હસ્તિ કવીનો મત છે તેમ કરવાથી, વીર્ય, કાંતિ તથા બળની વૃદ્ધિ કરેછે. ૪—૫

तिलगोक्षुरयोश्चूर्णमजादुग्धेन पाचितम् ॥
शीतलं मधुसंयुक्तं बलवीर्यस्य वृद्धिकृत् ॥ ६ ॥

કાળા તલ અને ગોખરૂનું ચૂર્ણ, બકરીના દુધમાં ઉકાળીને તેને ટાઢું કર્યા પછી તેમાં મધ મેળવીને પીવાથી, બળ વીર્યની વૃધ્ધિ કરે છે. ૬

गोघृतंशीतलंवारिसुभोज्यं च नवाङ्गना ॥
दुग्धपानंसदास्नानंषडेतेगात्रपुष्टिदाः ॥ ७ ॥

ગાયનું ઘૃત, ટાઢું પાણી, મીષ્ટ ભોજન, બાળા સ્ત્રીનું સેવન, દુગ્ધપાન, અને નિરંતર સ્નાન; એ છ વસ્તુઓ પુષ્ટિકારક છે. ॥ ૭ ॥

कृष्णमुशलीकंदस्यचूर्णंतुगोघृतेनच ॥
नरोनित्यंप्रकुर्वाणोगतकामंलभेत्पुनः ॥ ८ ॥
मुशलीकंदचूर्णंतु [illegible] तथा ॥

दुग्धेनसहपातव्यं गतधातुप्रमेहजित् ॥ ९ ॥

કાળી મુસળી લઇ તેનું ચૂર્ણ કરીને ૨ તોલાભાર, ગાયના ઘીમાં કાલવીને નિત્ય સેવન કરે તો કામહીન પુરૂષ કામનો લાભ મેળવે છે. બે તોલા મુસલી અને બે તોલા ધોળી ચણોઠીનું મૂળ દુધ સાથે ઓટાવીને પીવાથી ધાતુની વૃદ્ધિ કરે છે. તથા પ્રમેહને પણ શમાવે છે.

पञ्चाङ्गगोक्षुरंचूर्णशर्करादुग्धमिश्रितम् ॥
कारितंहस्तिकविनागतधातुप्रशान्तये ॥ १० ॥

ગોખરૂનું પંચાંગ લઇને (મૂળ, પાન, જડ, ફળ, અનેડાળીાં,) તેનું ચૂર્ણ કરી તેમાંથી મિજાનસર લઈ દુધ સાથે મેળવી સાકર નાખી પીવાથી, ગઈ ધાતુ પ્રાપ્ત કરે છે, એવો હસ્તિરૂચિનો મત છે.

॥ अथ प्रमेहरोगे उपचार: ॥

ससितामर्कटीदुग्धावरीविश्वासमानकैः ॥
भक्षणात्रिदिनंहन्तिसद्योमेहंसुदुस्तरम् ॥ ११ ॥

સાકર, કૌચબીજ, દુધેલી, અને શતાવરી, એ બરાબર વજને લઇને ત્રણ દિવસ સુધી ખાવાથી પ્રમેહની દુસ્તર વ્યાધીને દૂર કરે છે. ॥ ૧૧ ॥

पलाशवृक्षपुष्पाणिसितयावंगसंयुतम् ॥
कारितंहस्तिकविनापित्तमेहप्रशान्तये ॥ १२ ॥

ખાખરાનાં ફુલ (જેને કેસુડાં કહે છે તે) પાણીમાં પલાળી રાખવાં, પાણી ગાળી લેવું. તે પાણીમાં કલાઇની ભસ્મ નાખી સેવન કરવાથી હસ્તિરૂચિ કહે છે કે પિત્તથી પગટ થએલા પ્રમેહની શાંતી કરે છે. ॥ ૧૨ ॥

॥ अथसकलप्रमेहरोगे उपचारः ॥

हेमबीजविषबंगपारदं हंसपाकबलिनासमन्वितम् ॥
नागवल्लिदलसंयुतं रसं कामदं सकलमेहनाशनम् ॥ १३ ॥

ધંતુરાનાં બીજ, વછનાગ, બંગભસ્મ, પારો, હીંગળોક, અને ગંધક સમ ભાગે લઈ નાગરવેલ પાનના રસમાં ગોળી કરી સેવન કરવાથી પ્રમેહ માત્રનો નાશ કરે છે. ॥ ૧૩ ॥

वल्लषोडशगुन्दुंच सितादुग्धेन मिश्रितम् ॥
सर्वप्रमेहे वैद्येन धातुदोषोपशान्तये ॥ १४ ॥

સોળ વાલ ગુંદો લઈને તેમાં સાકર મેળવી દુધ સાથે પીવાથી ધાતુ દોષ મટે છે. ॥ ૧૪ ॥

॥ अथ हीनकन्दर्पवृद्धिप्रयोगः ॥

हंसपाकपलार्धंच वृन्ताकेनच पाचयेत् ॥
वल्लमानप्रदानेन हीनकन्दर्पवृद्धिकृत् ॥ १५ ॥

બે તોલા શુદ્ધ હીંગળોક લઇને તેને વંતાકમાં ઘાલીને અગ્નિમાં પકવવાં. તે હીંગળોક એક વાલપૂર રોજ અનુપાન યોગે ખાય તો હીન કામ સબળ થાય છે, માંખણુ સાથે પિત્તને શમાવે છે, પાન સાથે ખાવાથી વાતવૃધ્ધિથી હીન કામને ચેતન કરે છે. ॥ ૧૫ ॥

सूर्यक्षारं पलार्धंच सितया सह भक्षयेत् ॥
उष्णवातं पित्तरोगं मूत्रकृच्छ्रं प्रणाशयेत् ॥ १६ ॥

આકડાની જડને બાળીને તેમાંથી ઊત્પન્ન કરેલો ખાર વા, સુરોખાર બે તોલા લેવો તેમાં સાકર મેળવી ખાવાથી ઊષ્ણવાતપિત્ત શમે છે. ॥ ૧૬ ॥

॥ अथ मूत्ररोधे उपचारः ॥

त्रिफला कर्कटीबीजं सैन्धवं समभागकौः ॥
चूर्णमुष्णाम्बुनापीतं मूत्ररोधं निवारयेत् ॥ १७ ॥

હરડે, બેહેડાં, આંબળાં, કાકડીનાં બીજ અને સેંધવ, એ સમાન ભાગે લઇને તેનું ચૂર્ણ કરી ગરમ પાણી સાથે ફકાવવાથી મૂત્રરોધ મટે છે.

॥ अथा श्मरीरोगे उपचारः ॥

शर्करांच यवक्षारं गवां तक्रेण यः पिबेत् ॥
उष्णवातस्तथाश्मर्याः पीडागच्छंतिं सत्वरम् ॥ १८ ॥

સાકર અને જવખાર ગાયની છાશમાં મિશ્રિત કરીને પીવામાં આવે તો ગરમ વાયુ તથા પથરીનો રોગને શાંત કરે છે. ॥ ૧૮ ॥

॥ लिङ्गलेपः ॥

नागफेनो विषं स्वर्णबीजं जातिफलं समम् ॥
गोघृतेनच संमर्द्य लिङ्गलेपो विधीयते ॥ १९ ॥
तस्माद्भवति मर्त्यानां मृतकन्दर्पवृद्धिकृत् ॥
प्रयोगो हस्तिना सद्यश्चमत्कारकरः परम् ॥ २० ॥

અફીણ, વિષ (વછનાગ) ધંતુરાનાં બીજ, જાયંત્રી, અને જાયફળ, એ સરખા ભાગે લઈ તેનું બારીક ચૂર્ણ કરી ગાયના ઘી સાથે કાલવી લિંગે લેપકરવાથી ગત થએલા કામની વૃધ્ધિ થાય છે—એવો હસ્તિરૂચિનો મત છે. ॥ ૨૦ ॥

वचाश्वगन्धागजपिप्पलीनां चूर्णं महिष्या नवनीतमेभिः ॥
विलेपितंसत्पुरुषस्यलिंगं लंबं भवेद्धस्तिमतंचसम्यक् ॥२१॥

વજ, આસન અને ગજપીપળ, એ સરખા વજને લઇને ભેંશના માંખણમાં મેળવી કાલવીને લિંગે લેપ કરવાથી લિંગની વૃધ્ધિ થાય છે.

वचाकुष्ठाश्वगन्धाच गजकृष्णासमानकैः ॥
नवनीतयुतो लेपो नरलिंगस्य वृद्धिकृत् ॥ २२ ॥

વજ, ઉપલેટ, આસન, અને ગજપીપળ, તે સરખા વજને લઇને ચૂર્ણ કરવું તેને માંખણમાં મેળવી કાળવીને લિંગ ઉપર લેપ કરવાથી ઉપર પ્રમાણે ગુણ કરે છે. ॥ ૨૨ ॥

सश्वेतरक्तकरवीरजटां गृहीत्वा दारुनिशागजकणानवसागरेण ॥ आकल्लकाकसहितं हि जलेन पिष्ट्वा संलेपितं प्रकुरुते खलु लिंगवृद्धिम् ॥ २३ ॥

ધોળી અને રાતી કણેરની જડ, જટામાશી, એરંડાનું મૂળ, દારૂહળદર, ગજપીપર, નવસાદર, અકલકરો, અને કાકડાશીંગી, એ સરવે સરખા વજને લઇને પાણીમાં કાલવી લેપ કરવાથી લિંગની વૃધ્ધિ કરે છે. ॥ ૨૩ ॥

॥ अथ कामेश्वरगुटिका ॥

नागफेनयुताजातीपत्रीनागलतारसैः ॥
मर्दयेद्यामयुग्मं तु कारयेद्गुटिकोत्तमा ॥ २४ ॥
सुगन्धैर्मिश्रितादेया दुग्धपानं तदोपरि ॥
सुरते दशनारीणां मानमुच्छेदयेद् ध्रुवम् ॥ २५ ॥

અફીણ, અને જાવંત્રી, એ સરખા વજને લઇને નાગરવેલના પાનના રસમાં બે પોહોર સુધી ઘુટવાં પછી તેની ગોળી કરવી તે ગોળી તજ, તમાલપત્ર અને એળચી સાથે ખાઇ ઉપર કહેલા

દુધનું સેવન કરવાથી, દશ સ્ત્રીઓ સાથે રતિ રમવાની શક્તિ આપે છે. ॥ ૨૪-૨૫ ॥

॥ अथ मूत्रविकारे उपचार: ॥

भृंगराजं तिलाः कृष्णाः मात[illegible]सजलेनच ॥
[illegible]दना नि सप्त कुर्वाणो नमूत्रं पतते बहु ॥ २६ ॥

ભાંગરો, કાળાતલ, અને પડવાસ, એ સરખા વજને લઈને પાણી સાથે ઘુંટી સાત દિવસ સેવન કરવાથી વારે વારે મૂત્રનું આવવું તેને રોકે છે. ॥ ૨૬ ॥

॥ अथेन्द्रियोत्पन्नरोगे उपचार: ॥

सासेतं[illegible]तनागन्तु योभजेद्दिनसप्तकम् ॥
तस्य सर्वेन्द्रियोत्पन्नं रोगजालं ध्रुवं हरेत् ॥ २७ ॥

સાકર સાથે સીસાની શુધ્ધ ભસ્મને મેળવી જે માણસ સાત દિવસ ખાશે તેને ઇંદ્રીમાં થતી પીડાઓ મટશે. એમાં સંશય નથી.

(क्षेपक)

॥ अथ नागभस्मविधि: ॥

पूर्वं संशोध्यनागन्तु सूर्यमूलेन मर्दयेत् ॥
यामत्रिके भवेद्भस्म [illegible]सतय सह दापयेत् ॥ २८ ॥

પ્રથમ તો સીસાને શુધ્ધ કરવું જોઈએ પછી તે સીસું લોઢાની કઢાઈમાં નાંખી તેની તળે તીવ્ર અગ્નિ કરવો અને તેમાં આકડાના મૂળના કકડાથી હલાવતાં રહેવું જેથી કરી ત્રણ પ્રહરમાં શુધ્ધ ભસ્મ તૈયાર થાય છે તે સાકર સાથે ખાવી જેથી તે નિચે લખ્યા પ્રમાણે ગુણ આપેછે.

नागं मृतं हराति [illegible] शुक्रस्यदोष शमनं गतका-

म ाि ्म् ॥ दाहप्रलापशमनं रुचिकृद्विशेषात् शीर्षव्यथांहरति नेत्ररुजंनर णाम् ॥ २९ ॥

સારૂં મારેલું સીસું પિત્તરોગને, વાયુને, ધાતુના સઘળા દોષોને દૂર કરે છે, ગએલા કામની વૃધ્ધિ કરીને પુરૂષાર્થ આપે છે, દાહની શાંતિ કરે છે, રૂચિ ઉપજાવે છે, માથાના રોગ તથા નેત્રના રોગ મટાડે છે માટે કરીને યોગ્ય અનુપાનથી સીસાની ભસ્મનું સેવન કરવું જોઈએ.

इति श्रीवैद्यवल्लभेहस्तिरुचिक विविरचितेपुरुषार्थगतकाम गतधातुप्रमेहमूत्रकृच्छ्राश्मरीलिंगवृद्धिबहुमूत्रप्रती कारोनाम चतुर्थोविलासः ॥ ४ ॥

ઇતિ શ્રી વૈદ્યવલ્લભે અહમદાવાદસ્થ નાગરબ્રાહ્મણ કવિ હર્ષદરાય કૃત ગુર્જર ભાષા ટીકાયાં પુરૂષાર્થ ગતકામ, ગતધાતુ, પ્રમેહ મૂત્રકૃચ્છાશ્મરી લિંગવૃધ્ધિ બહુમૂત્ર પ્રતીકારો નામ ચતુર્થો વિલાસઃ

॥ पंचमो विलासः ॥

॥ अथ गुल् ोगप्रतीकारः प्रोच्यते ॥

आम्रास्थिविश्वगोशृंगी ुटजाम्ररसेन ॥
मर्दयेत्रिदिनं सम्यक् सितया सह यो भजेत् ॥ १ ॥
तस्यपित्तोद्भवां हन्ति ग्रहणीं दुःखकारिणीम् ॥
ज्वरातिसारं तीव्रं च रक्तस्रावं रुजंहरेत् ॥ २ ॥

કેરીની ગોટલી, સુંઠ, અતિવિષ અને કડાછાલ, એ સમાન ભાગે લઈને આમળાના રસમાં ત્રણ દિવસ સુધી મર્દન કરી તેની ગોળી કરી એ ગોળી સાકર સાથે ખાવાથી પિત્ત થકી થએલી દુખકાર

સંગ્રહણીનો નાશ થાય છે તેમજ જ્વરથકી ઉત્પન્ન થએલા આફર, અતિસારને અને ઝાડા સાથે પડતા લોહીને પણ શાંત કરેછે. ૧–૨।

॥ अथ अतिसारेउपचारः ॥

मरिचंखर्परंनागफेनतंदुलकंजलैः ॥
मर्द्यतंदुलतोएन गुटिसर्वातिसारजित् ॥ ३ ॥

કાળાંમરી, શુદ્ધ ખાપરીયું અને શુધ્ધ અફીણ એ સમાન ભાગે લઈ સાઠી ચોખાના ધોણમાં ખરલ કરી તેની ગોળી કરવી. તે ચોખાના ધોણ સાથે ખાધાથી અતિસાર શાંત થાય છે. ॥ ૩ ॥

जीरकंविजयाबिल्वं, न गफेनसमांसकैः ॥
दधिनीरेणसाकार्या, गुटिसर्वातिसाराजि ॥ ४ ॥

જીરૂ, ભાંગ, બીલી અને શુધ્ધ અફીણ, એ સરખા વજને લઈને તેનું ચૂર્ણ કરી દહિંના પાણી સાથે ગોળી કરી ખાવાથી અતિસાર મટે છે. ॥ ૪ ॥

कपित्थवटक्षीरंच, शुंठिर्जीरकशर्करा ॥
समभागैःकृतंचूर्णं, आतिसारंहरंपरं ॥ ५ ॥

કોઠાનો ગરભ, વડનું દુધ, સુંઠ, જીરૂં અને સાકર એ સમાન ભાગે લઈને ચૂર્ણ કરી ખાય તો તે મહા અતિસારને હરે છે. ॥ ૫ ॥

॥ अथ र्षरोग ॥

भल्लातकंतुप्रस्थार्द्धं जलप्रस्थद्वयेनच ॥
प्रस्थद्वयंतुगोदुग्धं पाचयेद्वन्हिनामते ॥ ६ ॥
प्रस्थार्द्धगोघृतंभुक्त्वा प्रस्थमानंतुशर्करा ॥

तदौषधंपलार्द्धंतु हर्षयांतिचभक्षणात् ॥ ७ ॥

બીલામા શેર ૧ પાણી શેર ૪ ગાયનું દુધ શેર ૪ એ સર્વેને એ- કત્ર કરી અગ્નિથી પકાવવાં. ત્યારપછી તેમાં ગાયનું ઘી શેર ૧ તથા સાકર શેર ૧ મેળવીને તેમાંથી બે તોલા ભાર ખાવામાં આવે તો ગુદાના મસા દૂર કરે. ॥ ૬-૭ ॥

देवालुफलबीजानि गोमूत्रेणचमर्दयेत् ॥

वारत्रयंक्रतोलेपाद्हर्षःपतति मूलतः ॥ ८ ॥

કુકડવેલાના બીજ ગાયના મૂત્રમાં વાટીને ત્રણ વખત લેપ કરવા- થી અર્શનો નાશ થાય છે. ॥ ८ ॥

यथास्नुहेचदुग्धेन लेपाद्हर्षोसनाशयेत् ॥

चक्रबीजवटक्षीरै भक्षणाद्हर्षोसदा ॥ ९ ॥

એજ પ્રમાણે થુવરનું દુધ તેનો લેપ કરવાથી સદૈવ મસા દૂર થાય છેતેમજ ઈંદ્રજવ, વડના દુધ સાથે ખાય તો ગુદાસ્થાનના મસા દૂર થાય છે. ૯

गुग्गुलंलसुनंलिंबबीजरामठनागरैः ॥

गुटिशीतोदकेनोक्ता हर्षःपततिमूलतः ॥ १० ॥

ભેંશાગુગળ, લસણ, લીમડાની નિંબોળીયો, હીંગ, અને સુંઠ એ સમાન ભાગે લઈ ગોળી કરી ટાઢા પાણી સાથે ખાધાથી અર્શ મટે છે. ॥ ૧૦ ॥

॥ अथ भल्लातकविकारे लेपः ॥

दारुशर्षवस्तानि नवनीतेनलेपनात् ॥

भल्लातकविकारोयं सद्योगच्छतिसत्वरं ॥ ११ ॥

દારૂહળદર, સરસવ, અને મોથ, એ સરખા વજને લઈ માંખણ-
માં મેળવીને ચોપડવાથી, ભીલ્લામાથી થએલો વિકાર મટે છે. ૧૧

नवनीततिलदुग्धंच पुनःखंड तेनच ॥
येतद्द्वयमलेपेन हन्तिभल्लातकव्यथां ॥ १२ ॥

માંખણુ, તલ, અને દુધ; તેમજ ખાંડ અને ઘી એઓનો લેપ
ચોપડવાથી ભીલ્લામાથી થએલો ઉપદ્રવ મટે છે. ॥ ૧૨ ॥

शितानिंबुरसोपानाद्धात्रीपत्र सस्तथा ॥
शरीरमर्दनाद्धन्ति भल्लातकमहद्व्यथां ॥ १३ ॥

સાકર તથા લીંબુનો રસ એ બે વસ્તુ પીવાથી ભીલ્લામાનો વિકાર
મટે છે તથા આંબળાંના પાંનનો રસ શરીરે ચોળવાથી ભીલ્લામાનો
વિકાર શમે છે. ॥ ૧૩ ॥

॥ अथ क्रमिरोगे उपचारः ॥

महानिम्बस्य पत्राणां रसो हि पलमानतः ॥
पानात्कृमिभवं दोषं सद्यो हन्तिच निश्चितम् ॥ १४ ॥

બકાન લીમડાના પાનનો રસ માત્ર ચાર તોલા પીવાથી કૃમિ રો-
ગનો નાશ થાય છે. ॥ ૧૪ ॥

शक्राह्वा त्रिफलाव्योषविडंगनिंबत्वचा वचा ।
धेनुमूत्रेण पानाच्च क्रमिकोटिशतं हरेत् ॥ १५ ॥
सैंधवातिविषाबिल्वशतपुष्पादारेण पाययेत् ।
कृमिरोगं यथा हन्ति स तलवंगभक्षणात् ॥ १६ ॥

ઈંદ્રિજવ, હરડાં, બેડાં, આમળાં, સુંઠ, પીપર, મરી, વાવડીંગ,
લીંમડાની છાલ અને વજ, એ સર્વનું ચૂર્ણ ગાયના મૂત્ર સાથે પી-

વાથી અસંખ્ય કૃમિઓનો નાશ થાય છે.

સેંધવ, અતિવિષની કળી, અને વાવડીંગ, એ ઔષધોનું ગરમ પાણી સાથે પીવાથી કૃમિરોગ નાશ પામે છે. તેમજ તેલ વાવડીંગનું ચૂર્ણ ખાવાથી પણ કૃમિરોગ મટે છે.

॥ अथ भगंदरवाते लेपः ॥

चूर्णं जम्बाम्रपत्राणां खररक्तेन भावयेत् ॥
तल्लेपे [illegible] याति भगन्दरमरुद्व्यथा ॥ १७ ॥

આંબાનાં કુણાં પાંદડાં લાવી તેને સુકવીને વાટી ચૂર્ણ કરીને ઘેડાના લોહીમાં કાલવી ચોપડવાથી ભગંદરની વ્યાધિ મટે છે.

॥ अथैरंडपाकः ॥

प्रस्थप्रमाणानिलशत्रुबीजं सदुग्धप्रस्थाष्टकमत्रपक्त्वा ॥
प्रस्थैकखण्डेन पलानि पंच घृतंहियोज्यंतदनुप्रकल्कः ॥
हरिद्रामृतशुल्बंच मरिचं त्रिफलाभया ॥
वंशलोचनवंगंच चातुर्जातमृताभ्रकैः ॥ १९ ॥
लवंगाकल्लकं कृष्णा दारु भीरु पुनर्नवा ॥
शतपुष्पा वृद्धदारु पुष्करं विजयौषधैः ॥ २० ॥
अश्वगंधा समानेन सर्वं संचूर्ण्य मेलयेत् ॥
यो भजेत् पलमानेन हन्ति तस्य मरुद्व्यथाम् ॥ २१ ॥
नलवृद्धिं स्रोत्रार्ति [illegible] ल्मोदरगुदव्यथाम् ॥
अर्शश्च [illegible]मिजाः सर्वे [illegible]गा नश्यंति निश्चितम् ॥ २२ ॥

એરંડ બીજ બશેર લઈને તે ઉપરનાં ફોતરાં કાહાડી નાખી અને ત

બીજો કાહાડી લેવી, તે બીજોને સાફ કરીને દુધ શેર ૧૬ માં નાંખી પકાવવી. પછી તેમાં ઘી શેર ०॥। નાંખી દાણો પાડવો. ત્યારપછી તેમાં ખાંડ શેર ૨ એ નાખવી, પછી હળદર, તામ્રભસ્મ, કાળાંમરી, ત્રિફળા (હરડે બેહેડાં આંબળાં , મોટી હરડેદળ, વાંસલોચન, વંગ,- તજ, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, નાગકેસર, અભ્રકભસ્મ, લવીંગ, અકલકરો, પીપર, દારૂહલદર, સાટોડી, સવા, વરધારો, એરંડાનું મૂળ, ભાંગ, સુંઠ અને આસન એ સર્વ સમાન ભાગે લઇ તેનું ચૂર્ણ કરી ઉપર બતાવેલા એરંડ પાકમાં નાખી તેને એકત્ર કરી નાખવું. તેમાં- થી ચાર તોલાભાર લઈ પ્રાતઃકાળમાં ખાવાથી ચોરાશી પ્રકારના વાયુ નળવૃધિ ઓત્રવૃધ્ધિ, ગુલ્મવાયુ, ગુદાનીવ્યથા અર્શ અને કરમીયાના- રોગ વગેરેને આ એરંડ પાકમટાડે છે,

॥ अथ स्रोत्र वृद्धिरोगे लेपः ॥

सैन्धवं जीरकं युग्मं रामठंद्विगुणं जलम् ॥
तैलेनोत्काल्य तल्लेपात्स्रोतवृद्धिं हरेद्ध्रुवम् ॥ २३ ॥

સિંધાલુણ, જીરૂં, શાહજીરૂં, અને હીંગ, એઓ સમાન અને તેથી બમણું પાણી લઇ તેલમાં નાખી ઉકાળીને લેપ કરવાથી. ઓત્ર વૃધ્ધિમાંટે છે.

॥ पुनः उपचारः ॥

तिक्तादुग्धेन दातव्यं सजलेन पुनर्नवा ॥
योग युग्मं हरेच्छोत्रवृद्धिसद् हस्तिनामतम् ॥ २४ ॥

અગર દુધસાથે કડુ પીવાથી. અથવા સાટોડીનું મૂળ પાણીમાં ઘસીને પીવાથી ઓત્રવૃધ્ધિ મટેછે. ॥ ૨૧ ॥

इति श्रीवैद्यवल्लभे हस्तिरुचिकविविरचिते अतीसार स्रोत

वृद्धिमरुदादिसर्वरोगप्रतीकारोनाम पंचमो विलासः ॥५॥

ઈતિ શ્રી વૈદ્યવલ્લભે અહમદાવાદ નિવાસી નાગર કવી હર્ષદ-
રાય સુંદરલાલ કૃત ગુર્જર ભાષાયામતિસાર શ્રોતવૃધ્ધિ મરૂદાદિ
સર્વરોગ પ્રતીકારો નામ પંચમો વિલાસઃ

॥ षष्ठो विलासः ॥

॥ अथ कुक्षिरोगे उपचारः ॥

॥ तत्र वज्रभेदीरसः ॥

चित्रकं त्रिवृता दन्ती त्रिफला च कटुत्रयम् ॥
तुल्यांशैश्चूर्णयेत्सूक्ष्मं द्विगुणं च स्नुहीपयः ॥ १ ॥
पक्कं मंदाग्निना सम्यक् पंचगुंजा विरेचनात् ॥
देयःसर्वोदरार्तौ च वज्रभेदी ह्ययंरसः ॥ २ ॥

ચિત્રક, નસોતર, નેપાળાનુ મૂળ, હરડે, બેહેડાં, આંબળાં, સુંઠ, પીપર અને મરી, એ સમાન ભાગેલઇને તેનાથી બમણું થુવરનું દુધ મેળવી મંદાગ્નિથી પકાવવું તેની ચણોઠી જેવડી ગોળીયો કરવી તે-માંથી પાંચ ગોળીઓ ખાધાથી રેચ થાયછે આથી કરીને પેટના સર્વ પ્રકારના રોગ મટેછે. આ ગોળીનું નામ વજ્ર ભેદી છે.

॥ अथ सर्वकुष्ठारिरसः ॥

जेपालबीजचूर्णं तु स्नुहीक्षीरं घृतं समम् ॥
मंदाग्निना पचेत् पिण्डं पंचगुंजाविरेचकृत् ॥ ३ ॥
सर्वकुष्ठारिर्विख्यातो देयःउष्णजलेन च ॥

गुल्मज्वरविनाशार्थं सद्धास्तिकविना मतम् ॥ ४ ॥

શુધ્ધ નેપાલાઓનું ચૂર્ણ કરીને તેમાં થુવરનું દુધ તથા ઘી નાખી તેની લુગદી કરીને મંદ અગ્નિથી પકાવી પછી તેની ચણોઠી જેવડી ગોળીયો કરવી તેમાંથી પાંચગોળીઓ ખાવા આપવાથી બે દસ્ત થશે-આ સર્વ કુષ્ટારી રસ વિખ્યાત છે તે ઉના પાણી સાથે લે તો સમસ્ત કુષ્ટ તથા ગોળો અને જવરનો નાશ કરેછે, આ પ્રમાણે હસ્તિ કવીનો મતછે. ॥ ૩-૪ ॥

॥ अथ इच्छाभेदीरसः ॥

पारदं गन्धकं व्योषं निशा पथ्या तु टंकणम् ॥
तत्समंजयपालंच तत्समेन गुडेनच ॥ ५ ॥
शीतोदकेन दातव्यश्चतुरक्तिप्रमाणकः ॥
विरेकी ज्वरहन्ताच गुल्मशोफोदरापहः ॥ ६ ॥
मन्दाग्निशूलदोषेषु कफरोगे विशेषतः ॥
प्रोक्तोऽसौ हस्तिकविना इच्छाभेदीह्ययं रसः ॥ ७ ॥

શુદ્ધ પારો, શુધ્ધ ગંધક, સુંઠ, કાળાંમરી, પીપર, હળદર, હરડેદળ અને ટંકણ એ સમાન ભાગે લઈને તેની બરાબર શુધ્ધ નેપાળો લઈ સર્વનું ચૂર્ણ કરી એ સર્વેની બરાબર ગોળ લેવો. એકત્ર કરી તેમાંથી ઠંડાપાણી સાથે ચાર રતીપુર આપવાથી દસ્ત થશે, તેથી જવર, ગોળો, સોજો તથા પેટનાં દરદ દૂર કરે છે, મંદાગ્ની તથા મંદાગ્નીનાં દર્દોને વિશેષે કરીને દૂર કરેછે એવો હસ્તિ કવીનો મત છે, ૫-૬-૭

॥ अथ कुष्ठरोगे लेपः ॥

गुंजाभल्लातकं नागो निम्बस्य फलमज्जकैः ॥

तक्रेण विहितो लेपः कुष्ठाष्टादशनाशकृत् ॥ ८ ॥

ચણોઠી, ભીલામાં, વછનાગ અને લીંમડાની નીંબોળિયો, એ સમાન ભાગે લઈ ઝીણાંવાટી છાશમાં મેળવી લેપકરવાથી અઢાર જાતના કોઢને મટાડે છે. ॥ ૮ ॥

॥ अथ विषभक्षणे उपचारः ॥

लवणं भानुदुग्धेन सकृद्भावितकर्षकम् ॥
गव्येन पयसा पीतं वमिकृद्विषनाशनम् ॥ ९ ॥

એક તોલો સેંધવ લઈ આકડાના દુધમાં ઘુંટી ગાયના દુધ સાથે પીવાથી વમન થઈને ઝેરનો દોષ નાશ થાય છે. ॥ ૯ ॥

॥ अथ वमनात्उपचारः ॥

तुम्बीबीजमज क्षीरैर्वह्निनाचप्रपाचयेत् ॥
वमनं श्लीपदग्रन्थिकुष्ठगुल्मोदरंहरेत् ॥ १० ॥

કડવી તુમડીના બીજને બકરીના દુધમાં મંદાગ્નિથી પકાવીને આપે તો ઉલટી, શ્લીપદ, ગાંઠ, કોઢ, ગોળો, અને પેટના રોગને દૂર કરે.

॥ अथ अहिफेनविषउपचारः

सर्पाक्षीमूलतोयेन घृतेन विश्वभृंगराट् ॥
वचारामठतक्रेण नागफेनविषं हरेत् ॥ ११ ॥

સરપંખાનું મૂળ પાણી સાથે પીવાથી—અથવા સુંઠ અને ભાંગરો ઘી સાથે પીવાથી; તેમજ વજ અને હીંગ છાશ સાથે પીવાથી અફીણનું વિષ મટેછે.

॥ अथ वृश्चिकविष उपचारः ॥

कर्कोटिकार्कयोश्चूर्णं नागफेनं सनाग म् ॥

सूर्यदुग्धेन गुटिका वृश्चिकादिविषं हरेत् ॥ १२ ॥

કંકોડી, આકડાનું મૂળ, અફીણ, અને સુંઠ એ સરખા વજને લ-ઈને, આકડાના દુધસાથે ગોળી કરી, ચોપડવાથી વિછીનું ઝેર મટેછે.

॥ अथ प्लीहोपचार ॥

क्षारद्वयसमायुक्तं चूर्णसौवर्चलोद्भवम् ॥
सजलेनकृतंहान्तिवरहल्लभवारुजम् ॥ १३ ॥

જવખાર, સાજીખાર, સંચળ અને સેંધવ, એઓનું ચૂર્ણ કરી લીંબુનો રસ નાખીને પીવાથી બરોળ દૂર થાય છે. ॥ ૧૩ ॥

गुडेनटंकणंक्षारंसेव्यमानंहिसत्वरम् ॥
गुल्मोदरमहद्ग्रन्थिसद्योहरतिदुस्तरम् ॥ १४ ॥

ગોળની સાથે ટંકણખારનું સેવન કરવાથી પેટની અંદરની ગાંઠ તથા ગુલ્મને દૂર કરેછે. ॥ ૧૪ ॥

॥ अथ लवणभास्करच्चूर्णम् ॥

त्रिकटुपिप्पलीमूलमेला लवणपंचकम् ॥
नागकेसरसंयुक्तंखैरसारंतथैवच ॥ १५ ॥
चित्रानागयुतंचूर्णसंमर्द्यार्द्ररसेनच ॥
निम्बूरसेनतद्भाव्यंवातहृद्वह्निदीपनम् ॥ १६ ॥

સુંઠ, કાળાંમરી, પીપરીમૂલ, એળચી, પાંચખાર, (સેંધવ-સંચળ,-વડાગરૂં મીઠું-સાજી-બીડલૂણ,) નાગકેસર, ખેરસાર, ચિત્રક, અને વછનાગ એ સમાનભાગે લઇને આદાના રસમાં ખરલ કરી પછી લીંબુના રસમાં, ગોળી બાંધવી, એ ગોળી ખાવાથી સર્વ પ્રકારના

ઉદરના રોગ મટેછે અને જઠરાગ્નિ સતેજ થાય છે. ।। ૧૫-૧૬ ।।

॥ अथ मन्दाग्निहा गुटिका ॥

हिंगुलंटंकणंनागंमरिचंमृतरूप्यकम् ॥
पत्रतोयेन चूर्णस्समुद्गमानमितागुटी ॥ १७ ॥
कासश्वासेकफेशीतेशीताङ्ग्ज्वरशान्तये ॥
मंदाग्निगुल्मवातेत्वाप्रशस्तागुटिकोत्तमा ॥ १८ ॥

શુધ્ધ કરેલો હીંગળોક, ટંકણખાર, શુધ્ધ વછનાગ, રૂપાની ભસ્મ અને કાળાંમરી, એ સમાન ભાગેલઈ તેનું ચૂર્ણ કરીને પાનના રસમાં મગજેવડી ગોળીયો કરી યોગ્ય માત્રાએ સેવવી જેથી કાસ શ્વાસ, કફ, શીતાંગ, અને જ્વર, એઓને શાંત કરે છે, વળી મંદાગ્ની, ગોળો અને વાયુ વગેરેને શમાવે છે.—

॥ अथ पांडुकमलारोगे कषायः ॥

वासाकिरातकं मुस्तात्रिफलामृतनिम्बजैः ॥
काथो मधुयुतो हन्ति पांडुरोगं च कामलाम् ॥ १९ ॥

અરડૂસો, કરીયાતું, નાગરમોથ, હરડાં, બેહેડાં, આંબળાં, ગળો, અને લીમડાની લીંબોળીયો, એ સરખા વજને લઈને કવાથ કરી તેમાં મધ નાખી પીવાથી, પાંડુરોગ તથા કમળાનો નાશ થાય છે.

॥ अथ कमला जीर्णज्वरे काथः ॥

तिक्ता किरातकं धान्यं त्रिफला नागरैः समम् ॥
काथःक्षौद्रयुतो हन्ति जीर्णज्वरं च कामलाम् ॥ २० ॥

કડુ, કરીયાતુ, ધાણા, હરડાં, બેહેડાં, આંબળાં, અને સુંઠ એ સઘળાં સરખા વજને લઈ કવાથ કરીને મધ સાથે આપવાથી કમ-

ગો તથા જીર્ણજ્વર નાશ થાય છે.

॥ अथ कामलारोगे उपचारः ॥

खरविड्दधिना सार्द्धं सम्यक् संमर्घ पाययेत् ॥
महात्पित्तोद्भवं रोगं कामलां च प्रणाशयेत् ॥ २१ ॥

ગધેડાનાં લીડાં દહીમાં નાંખી તેને નીચોવી તેનું પાણી પીવા આ-પવાથી પિત્તથી ઉત્પન્ન થયેલી વ્યાધીને તથા કમળાને દૂર કરે છે,

॥ अथ कामलारोगेवलेहः ॥

हरिद्रा त्रिफलादूर्वा मृतलोहं कटुत्रयम् ॥
समधुघृतयुक्तेनावलेहः कामलां हरेत् ॥ २२ ॥

હળદર, હરડાં, બેહેડાં, આંબળાં, ધરો, મારેલું લોહું, સુંઠ, પીપર, અને મરી, એ સર્વે સમાન વજને લઇને મધ અને ઘી સાથે ચાટ-વાથી કમળો દૂર થાય છે.

॥ अथ पांडुजीर्णकामलारोगे उपचारः ॥

पिष्ट्वा वेणीतरोर्मूलं समधु तन्दुलोदकैः ॥
पानात्पांडुरुजं जीर्णां कामलां च प्रणाशयेत् ॥ २३ ॥

કપાસનું મૂળ ઘસીને તેમાં મધ અને તાંદળજાની ભાજીનો રસ મે-ળવીને આપવાથી જુનો પાંડુરોગ તથા કમળો દૂર થાય છે.

॥ अथ उदररोगे चूर्णम् ॥

क्षारद्वयंमरिचरामठनागराह्वैर्वैदेहिपंचलवणैर्विहितंचचूर्णम् ॥
निम्बरसेनदिनविंशतिसंखियुक्तं दत्तं हास्तकविनोदररोग शान्त्यै ॥ २४ ॥

જવખાર, સાજીખાર, કાળાંમરી, હીંગ, સુંઠ, પીપર અને પાંચ ખાર એઓનું ચૂર્ણકરી લીંબુના રસમાં વીશ દિવસ ઘુંટવું. તેમાંથી યોગ્ય માત્રા આપવાથી સર્વ પ્રકારના ઉદર રોગને દૂર કરે છે.

इति श्रीवैद्यवल्लभे हस्तिरुचिकवि[illegible]ते विरेचकुष्ठवि-[illegible]गुल्म[illegible]पां[illegible]कामलोदररोगप्रभृतिप्रतीकारो नाम षष्ठो विलासः ॥ ६ ॥

ઇતિ શ્રી વૈદ્યવલ્લભે અહમદાવાદસ્થ, નાગર કવિ હર્ષદરાય કૃત ગુર્જરભાષા ટીકાયા વિરેચ ,કુષ્ટ, વિષ, ગુલ્મ, મંદાગ્ની, પાંડુ, કામલોદર રોગ પ્રભૃતિ પ્રતીકારો નામ ષષ્ઠો વિલાસઃ

॥ सप्तमो विलासः ॥

॥ शुंठीपाकः ॥

प्रस्थार्धविश्वाष्टगुणंच दुग्धं प्रस्थप्रमाणाज्य[illegible]डंचतद्वत् ॥
विपाचयेत्तन्मृदुवन्हिनासमंप[illegible]ादन्तः[illegible]ल्को।हेयुज्यते ॥१॥
चातुर्जातं जातिपत्री वासा वन्हि फलत्रयम् ॥
देवपुष्पं गजकर्ण [illegible]ुंठी कटुत्रयम् ॥ २ ॥
आकल्लकलोहचूर्णं वंशलोचनकट्फलम् ॥
मृतशुल्बाश्वगन्धाच चूर्णमेषां कृतं समैः ॥ ३ ॥
पश्चाद्द्विपलमानन्तु यो भजेद्दिनसप्तकम् ॥
तस्यस्वमौलिकर्णाक्षिरोगजालञ्चनाशयेत् ॥ ४ ॥
सर्ववाताञ्जयेत्पीडां कफपित्तोद्भवामपि ॥

हस्तिना कथितः सम्यग्विश्वपाकेति नामतः ॥ ५ ॥

શેર સુંઠને ખાંડી ઝીણી કરીને તે આઠ શેર દુધમાં નાખવી, પછી બશેર ઘી અને બશેર ગોળ લઇ તેમાં નાખી એકત્ર કરી મંદ અગ્નિથી પકવ કરવું. ત્યાર પછી તજ, તમાલપત્ર, એળચી, નાગકેસર, જાવંત્રી, અરડૂસી, ચિત્રો, હરડાં, બેહેડાં, આંબળાં, લવીંગ, ગજ-પીપર, ભારંગી, કાકડાશિંગી, સુંઠ, પીપર, મરી, લોહભસ્મ, વાંસલોચન, કાયફલ, મારેલું તાંબુ, અને આસન, એઓ સમાન ભાગે લઈને ચૂર્ણ કરી ઉપર કહેલી સુંઠની ચાસણીમાં નાંખવાં. તેમાંથી ૮ તોલા ભાર દરરોજ ખાવું. એ પ્રમાણે સાત દિવસ ખાધાથી, મસ્તક રોગ, નેત્રરોગ, સર્વ પ્રકારના વાયુ, કફ, પિત્ત થકી થએલા વિકારો નાશ પામે છે, આ પ્રમાણે ગ્રંથ કરત્તા હસ્તિરૂચિ કવિનો મત છે. ॥ ૧–૫ ॥

॥ अथ मस्तकविकारे लेपः ॥

चन्दनं लवणं शुंठी पिष्ट्वा नीरेण लेपयेत् ॥
मर्त्यमौलिसमुत्पन्ना पीडा गच्छति सत्वरम् ॥ ६ ॥

સુખડ, સિંધાલૂંણ અને સુંઠ, એ સમાનભાગે લઈને પાણી સાથે વાટીને લેપ કરવાથી સર્વ પ્રકારના માથાનો રોગ દૂર થાય છે. ॥૬॥

चूतकाष्ठकृताल्लेपान्महच्छीर्षव्यथांहरेत् ॥
यथाशीतोदकेऽरिष्टं पिष्ट्वा नस्यप्रदानतः ॥ ७ ॥

આંબાનું લાકડું પાણી સાથે ઘસીને માથે ચોપડવાથી માથાની પીડા દૂર થાય છે–તેમજ, ઠંડા પાણીમાં અરીઠા ઘસી નસ્ય આપવાથી માથાની વ્યાધી દૂર થાય છે. ॥ ૭ ॥

गराजरसं कुष्टं नवनीतेन पाचयेत् ॥
पश्चात्तल्लेपतः सद्यो [illegible]षर्व्यथं हरेत् ॥ ८ ॥

ભાંગરાનો રસ, પારો, અને ઉપલેટ, એઓ માંખણમાં નાં અંદ.મીથી પકાવી તેનો લેપ કરવાથી મસ્તકની પીડા મટે છે. ॥

॥ अथ अर्धशीर्षरोगे नस्यम् ॥

मागधीमरिचौ तुल्यौ लोध्रेण सह मर्दयेत् ॥
त्रिदिनं दीयते नस्यं सूर्यावर्तं विनाशयेत् ॥ ९ ॥

પીપર, કાળાંમરી, અને લોદર ઓને ઘીની સાથે મર્દન કરી દિવસ સુધી સુંઘવાથી આદાશીશી નામનો રોગ દૂર થાય છે ॥

आम्रास्थिधात्रीलेपो ऽथकणोषणसिताजलैः ॥
रसोनकार्क[illegible]स्य नस्यो मस्तकरोगनुत् ॥ १० ॥

આંબાની ગોટલી, અને આંબળાં, એઓને ઘસીને લેપ કર તથા પીપર, કાળાંમરી અને સાકરનો લેપ તથા લસણ અને આ ના પાંદડાના રસનો નાસ લેવાથી મસ્તક રોગ મટે છે. ॥ ૧૦ ॥

॥ अथ कपालकीटरोगे नस्यः ॥

ति[illegible]कर्कोटिप[illegible]सैर्नस्यं प्रदापयेत् ॥
वारत्रयं [illegible]तोहन्ति कपालकीटकव्यथाम् ॥ ११ ॥

કડવા કંકોડાના પાંદડાનો રસ તેનું નસ્ય ત્રણ વખત લે (સુંઘવાથી) કપાળના કીડાનો રોગ દૂર થાય છે. ॥ ૧૧ ॥

॥ अथ सर्वम[illegible]करोगे गुटिका ॥

नि[illegible]डिकालवण नागरदारु[illegible]णापामार्गसर्षपदिवाकरद्रु
मैः ॥ शो[illegible]नगुटिकाविहिता[illegible]पानात्प्रोक्तासु[illegible]

नाशिरसोर्तिहन्त्री ॥ १२ ॥

નગોડનાં બીજ, સેંધવ, સુંઠ, દેવદાર, પીપર, અંઘેડાના બીજ, સરસવ અને કુકડવેલાનાં બીજ, એ સર્વ સમભાગે લઇ ટાઢા પાણી સાથે ઘુંટી ગોળી કરી યોગ્ય અનુપાનથી ચોપડવામાં આવે તો મસ્તકના તમામ રોગોનો નાશ કરે છે. ॥ ૧૨ ॥

॥ अथ नेत्ररोगे अञ्जनम् ॥

शंखचूर्णं गोदुग्धेन तदर्धं च मनःशिला ॥
छागीदुग्धेन सहितं सैन्धवं तु जलेनच ॥ १३ ॥
सुन्दरीस्तनदुग्धेनमरिचंमर्द्यकारयेत् ॥
शीतोदकेनगुटिकाह्यञ्जनादक्षिरोगजित् ॥ १४ ॥

શંખના ચૂર્ણમાં ગાયનું દુધ નાખીને તેને વાટવું; શંખ કરતાં અરધો મનશીલ લઇને તેને બકરીના દુધમાં વાટવો; તેથી અરધ સેંધવ લઈને જળમાં વાટવો, અને તેથી અરધાં મરી લઈને સ્ત્રીના દુધમાં વાટવાં. એ સર્વ એકત્ર કરી ગોળી કરવી. એ ગોળી ઠંડા પાણી સાથે આંજવાથી આંખના તમામ રોગ મટે છે. ॥ ૧૩-૧૪ ॥

॥ अथ सर्वनेत्ररोगे लेपः ॥

शिवामज्जाशिवाचूर्णनिशालवणलोध्रकैः ॥
शिवापत्ररसेकार्योलेपःसर्वाक्षिरोगजित् ॥ १५ ॥

હરડની મીજ, હરડનુંચુર્ણ, હળદર, સિંધાલૂણ અને લોદર, એ સમાન ભાગે લઈને હરડેના પાંદડાંના રસ સાથે ગોળી કરી, નેત્રમાં આંજવાથી સર્વ પ્રકારના આંખ્યોના રોગ મટે છે. ॥ ૧૫ ॥

॥ सर्वनेत्ररोगे गुटिका ॥

शक्राङ्कारजनीयुग्मंकृष्णाकुष्ठसमांशकैः ॥

कन्यारसेनगुटिकाछायासर्वाक्षिरोगजित् ॥ १६ ॥

કાંસકી, હળદર, દારૂહળદર, પીપર અને ઉપલેટ, એ સમાન ભાગે લઈ કુંવરના રસમાં ઘુંટી ગોળી કરવી. આ ગોળી પાણી સાથે ઘસી આંખમાં આંજવાથી છાયા તથા આંખના સર્વ રોગ દૂર કરે છે. ૧૬

॥ अथ पुनरंजनम् ॥

नागफेन सोधात्रीः स्थंखर्परमञ्जनम् ॥
गुटीनिम्बरसेनोक्ताहास्तिना नेत्ररोगजित् ॥ १७ ॥

શુદ્ધ અફીણ આબળાનો રસ, ફુલાવેલું મોરથુથું અને શુધ્ધ ખાપરીયું એ સામાન લઈ લીંબુના રસ સાથે ઘુંટી ગોળી કરી આંખમાં આંજવાથી આંખના સર્વ રોગ મટેછે. ॥ ૧૭ ॥

॥ अथ कर्णरोगे तैलम् ॥

रसेन [illegible] शेग्रुस्वर्णरसेनच ॥
तैलतैलंस[illegible]त्काल्यकर्णेक्षिप्तरुजंहरेत् ॥ १८ ॥

આકડાના પાનનો રસ, તથા સરગવાનો રસ, અને ધંતુરાનો રસ, એ સરખા વજને લઈ તેની બરાબર તેલ મેળવી અગ્નિ ઉપર ઉકાળીને તેલ સિધ્ધ કરી તે તેલ કાનમાં નાંખતા રહે તો કાનનાં દર્દો દૂર કરે.

॥ अथ नासूररोगे उपचारः ॥

घृष्टं जलेन कम्पिल्लं त[illegible]ध्रुवम् ॥
न[illegible] यथा [illegible]ष्णा[illegible]निबन्धनात् ॥ १९ ॥

કંપીલાને પાણીમાં ઘુંટીને ચોપડવાથી નાસૂરને નક્કી દૂર કરે છે તેમજ કાળા તલને વાટી તેની થેપલી કરી બાંધવાથી નાસૂર મટે છે.

॥ अथ मुखपिडिकालेपः ॥

घृष्टंमाजूफलं व्रीहि[illegible] कृतलेपना[illegible] ॥

नृणां तारुण्यजांहन्ति पिडिकं वदनोद्भवाम् ॥ २० ॥

માયાંને ચોખાના ધોવણમાં ઘુંટીને લેપ કરવાથી યુવાવસ્થામાં મુખ ઉપર થએલા ખીલને દૂર કરે છે. ॥ २० ॥

॥ अथ मुखशोषे लेपः ॥

सैन्धवं मरिचं क्षौद्रं मातुलुंगरसस्तथा ॥
तालुस्थाने कृताल्लेपान्मुखशोषविनाशकृत् ॥ २१ ॥

સેંધવ, કાળાંમરી, મધ અને બીજોરાનો રસ, એ સમાન ભાગે લઇ તાળવે લેપ કરવાથી મુખમાં શોષ પડતો હોય તે મટે છે. । २१ ।

॥ पुनर्मुखशोषे गुटिका ॥

एलाधात्रीरसश्चैव गुटी कृत्वा मुखेस्थिता ॥
प्रदत्ता हस्तिनासद्यो मुखशोषप्रशान्तये ॥ २२ ॥

એળચી તથા આંબળાનો રસ, એ બન્ને મિશ્ર કરી તેને ગોળી કરી મુખમાં રાખવાથી મુખ શોષ દૂર થાય છે. ॥ २२ ॥

॥ अथ दन्तरोगे मंजनम् ॥

दाडिमत्वग्भवं चूर्णं घर्षयेदरुणोदये ॥
तस्माद्वज्रसमादन्ता भवन्ति चपला अपि ॥ २३ ॥

દાડિમની છાલ તથા લોહભસ્મ એ બન્ને સમાન ભાગે લઇ એકત્ર કરી સવારના પહોરમાં સૂર્યોદય સમયે દાંતે ઘસે તો દાંતની સરવે પીડા દૂર કરી ઇંદ્રના વજ્ર તુલ્ય કઠણ કરે છે.

॥ अथ स्नायुरोगे लेपादि ॥

इगुन्द्यामूलं संघृष्य नरमूत्रेण लेपयेत् ॥
स्नायुकोहि यथायाति निशालवणबन्धनात् ॥ २४ ॥

ઇંગોરા (ગૈંગડાં)નું મૂળ, મનુષ્યના મૂત્રમાં ઘસીને ચોપડવું અથવા હળદર અને મીઠું બાંધવું—આ પ્રમાણે કરવાથી, વાળો નીકળી જાય છે. ॥ २४ ॥

मधूकसारपत्राणि बध्यन्ते स्नायुकोपरि ॥
तस्मात्स्नायुकजापीडा नृणां नश्यति तत्क्षणात् ॥ २५ ॥

મહુડાના પાંદડાંની લુગદી કરી વાળા ઉપર બાંધે તો વાળાની પીડા મટે છે. ॥ २५ ॥

यथार्कक्षीरलेपेन हरेत्स्नायुकजांव्यथाम् ॥
तथा स्नुहीक्षीरलेपाद्धरेद्दद्रुमहद्व्यथाम् ॥ २६ ॥

જેમ થુવરનુ દુધ દાદર ઉપર ચોપડવાથી દાદર મટેછે તેમ આકડાના દુધનો વાળા ઉપર લેપ કરવાથી વાળાની પીડા મટે છે. ॥ २६ ॥

सगुडानकपोतस्य कुक्कुटस्य विटंतथा ॥
सप्ताहं सेवयेत्पुंसां स्नायुको नश्यति ध्रुवम् ॥ २७ ॥

કપોત (હોલા) ની (કે કતરની ?) હઘાર તથા કુકડાની હઘાર એ બન્નેને ગોળમાં મેળવી સાત દિવસ ખાવાથી, મહાન્ વાળાની વ્યાધી દૂર થાયછે. ॥ २७ ॥

॥ अथ श्वानविषे उपचार: ॥

मुण्डीपञ्चांगचूर्णं तु गोमूत्रेण समंपिबेत् ॥
तस्माच्छ्वानविषं याति यथा पापं प्रभुःस्मृतः ॥ २८ ॥

બોડીયાકલારનું પંચાંગ લઈને તેનુ ચૂર્ણ કરી ગાયના મૂત્રમાં મેળવી પીવાથી જેમ ઇશ્વર સ્મર્ણ કરવાથી પાપ માત્રનો નાશ થાય છે તેમ હડકાયું કુતરૂં કરડયું હોય તેનું વિષ મટે છે; ॥ २८ ॥

॥ अथ रक्तपित्ते उपचार: ॥

आम्रास्थिकूष्माण्डरसेननस्यःपुनर्नवादुग्धसितान्वितेन ॥
दूर्वारसःस्त्रीपयसाचतद्वत् योगत्रयंरक्तरुजंनिहन्ति ॥२९॥

આંબાની ગોટલી અને ભોંય કોળાનો રસ આ બને મિશ્ર કરીને તેનો નાસ (નસ્ય) આપવાથી, અથવા સાટોડી, દુધ, અને સાકરનું સેવન કરવાથી તથા ધરોનો રસ અને સ્ત્રીનું દુધ, આ પ્રકારે ત્રણ પ્રયોગથી, નસકોરી ફુટતી બંધ થાય છે. ॥ ૨૯ ॥

॥ अथ मागधीपाक: ॥

मेथीपलचतुष्कंचकणाद्विपलमानतः ॥
दुग्धेन मिश्रितं कृत्वा पाचयेद्वन्हिना ततः ॥ ३० ॥
प्रस्थैकखण्डं तन्मध्ये क्षिप्त्वाकल्कमपिक्षिपेत् ॥
सूतंलवंगात्रिकटु लोहभस्म च साभ्रकम् ॥ ३१ ॥
शुल्बं जातीफलं जातीपत्रीविषकुबेरकैः ॥
एतेषां पलमानेन भागान्कृत्वा पृथक् पृथक् ॥ ३२ ॥
प्रभाते पलमानेन यो भुंक्ते च नरःसदा ॥
तस्य सर्वे शिरोरोगाः प्रणश्यन्ति न संशयः ॥ ३३ ॥
सर्ववातसमूहं च भ्रमच्छर्दिक[illegible]व्यथाम् ॥
मागधीपाकनामायं स[illegible]स्तिकावेना मतः ॥ ३४ ॥

મેથી ૧૬ તોલા, તથા ૮ તોલા પીપર આ બન્ને ચીજોને દુધમાં નાંખી અગ્નિથી પકવ કરવી. ત્યારપછી ખાંડ તોલા ૬૪ નાખવી, તે ચાસણીમાં નીચે લખેલા પદાર્થો નાખવા- એટલે પારાની ભસ્મ, લવીંગ, સુંઠ,

પીપર, મરી, લોહભસ્મ, અભ્રક ભસ્મ, તાંબાની ભસ્મ, જાયફળ, જાવંત્રી, વછનાગ અને અજમો આ સરવે રકમોનું ચુર્ણ નાખી મેળવી ચાર ચાર તોલા ભારની લાડુડીયો કરવી, તેમાંથી પ્રાતઃકાળે એક લાડુડી ખાવાથી સર્વ પ્રકારની માથાની વ્યાધીને તથા સર્વ પ્રકારના વાયુ, ભ્રમ, તથા કફની પીડાને આ મેથીપાક દૂર કરે છે. એમ હસ્તિરૂચિ કવિનો મત છે. ॥ ૩૦ ॥ ૩૪ ॥

॥ अथ सन्धिग्रन्थिवाते गुटिका ॥

ग्रन्थिकाकल्लकं मुस्ता चाश्वगंधा कणोषणैः ॥
तदौषधसमाविश्वा तत्समेन गुडेन च ॥ ३५ ॥
यो भक्षयेत् पथ्ययुक्तो द्विवारं मात्रयागुटी ॥
सन्धिवाते ग्रन्थिवातस्तस्य नश्यति निश्चितम् ॥ ३६ ॥

પીપરીમૂળના ગંઠોડા, અકલકરો, મોથ, આસંધ, પીપર, અને મરી, એ સર્વે બરાબર વજને લઈને તેના બરાબર સુંઠ અને એ સર્વે ઔષધોના બરાબર ગોળ લઈ મેળવી, તેને પથ્ય સાથે ૧ તોલા ભાર સાંજ સવારે ખાય તો સંધીવાયુ મટે છે. ॥ ૩૫–૩૬ ॥

इति श्रीवैद्यवल्लभे हस्तिरुचिकाविविरचिते शिरःकर्णाक्षि भ्रममूर्च्छासन्धिवातग्रन्थिवाता रक्तश्रावस्नायुश्वानाविषा दिप्रभृतिप्रतीकारोनामसप्तमोविलासः ॥ ७ ॥

ઇતિ શ્રી વૈદ્યવલ્લભે હસ્તિરૂચિ કવિ વિરચિતે શ્રી અહમદાબાદ નિવાસી નાગર કવિ હર્ષદરાય કૃત ગુર્જર ભાષાવા શિરઃકર્ણાક્ષિ, ભ્રમ, મૂર્છા, રકતસ્રાવ, સ્નાયુ, શ્વાનવિષ, સંધિવાતાદિ, પ્રભૃતિ પ્રતિકારો નામ સપ્તમો વિલાસઃ

॥ अष्टमो विलासः ॥

॥ अथ भूतप्रेतादिदोषजिदंजनम् ॥

लशुन मरिचं सर्पकंचुकीभस्म कट्फलम् ॥
हिंगारिष्टवचाशिग्रुरञ्ज घ्राःफलमज्जकम् ॥ १ ॥
निम्बस्यफलमज्जानि चूर्णं च खरमूत्रयुक् ॥
नेत्राञ्जनकृतंसर्वभूतप्रेतादिदोषाजि ॥ २ ॥

લસણ, મરી, સર્પની કાંચળીની ભસ્મ, કાયફળ, હીંગ, અરીઠા, વજ, ઈંગોરાનીમીજ, અને લીમડાની લીંબોળીયો એ સરવે સમાન ભાગે લઈ ચૂર્ણ કરી અધેડાના મુત્રમાં મેળવી આંખમાં અંજન કરવાથી ભૂત પ્રેતાદિના દોષો નાશ થાય છે. ॥ ૧-૨ ॥

॥ अथ सर्पदोष जित्प्रयोगः ॥

कणासैन्धवतुत्थंच मरिचं निम्बबीजकैः ॥
गुटीनिम्बूरसेनोक्ता चा नं सर्पदोषजित् ॥ ३ ॥

પીપર, સેંધવ, મોરથુથું, કાળાંમરી અને લીમડાની બોળીયો, એ સરવે બરાબર વજને લઈને ચૂર્ણ કરી લીંબુના રસમાં ગોળી કરી પાણીસાથે ઘસી આંખમાં આંજવાથી સર્પ કરડ્યાની પીડાની શાંતિ થાય છે.

॥ अथ सर्पविषे उपचार ॥

तुत्थं वचाकट्फलंच गोदुग्धेन प्रपा येत् ॥
तस्मात्सर्पविषंयाति तथोषण तेनवै ॥ ४ ॥

મોરથુથું, કાયફળ અને વજ, એ સમાન ભાગે લઈ ચૂર્ણ કરી ગાયના દુધમાં પકવ કરીને પીવાથી સર્પ વિષ દૂર થાય છે. તથા કાળાં-

મરી ઘીની સાથે પીવાથી સાપનું ઝેર મટે છે; ॥ ૪ ॥

॥ अथ सोमलविषे उपचारः ॥

सितयासह पानाच्च तंदुलीयरसस्यच ॥
तस्मान्मल्लविषंयाति निम्बूरसप्रसेवनात् ॥ ५ ॥

સાકર સાથે તાંદલજાની ભાજીનો રસ પીવાથી સોમલનું ઝેર ઉતરે છે તેમજ લીંબુનો રસ પાવાથી સોમલનું ઝેર મટે છે. ॥ ૫ ॥

॥ अथ नागफेनाविषे उपचारः ॥

बृहत्क्षुद्रारसं दुग्धं पलमानं निषेवणात् ॥
नागफेनविषं हन्ति यथा लवणभक्षणात् ॥ ६ ॥

મોટી ભોંરીંગણીનો રસ ચાર તોલા ભાર લઈ દુધ મેળવીને પાવાથી અફીણનું વિષ ઉતરે છે. ॥ ૬ ॥

॥ अथ धत्तूरविषे उपचारः ॥

तोणीवृक्षस्य पुष्पाणि जलेनोत्काल्य पानतः ॥
धत्तूरस्य विषं हन्ति यथा लवणपानतः ॥ ७ ॥

કપાસનાં ફૂલ પાણીમાં ઉકાળીને પાવાથી ધંતુરાનું વિષ દૂર થાયછે.

वृन्ताकफलबीजस्य रसोहि पलमानतः ॥
भक्षणाद्धत्तधत्तूरविषं नश्यति निश्चितम् ॥ ८ ॥

વંત્યાકના બીજનો રસ ચાર તોલા ભાર લઈને ખવરાવવાથી ધંતુરાનું ઝેર નક્કી દૂર થાય છે ॥ ૮ ॥

॥ अथ पारद हरताल विषे उपचारः ॥

यथारसविषं हन्याद्गोदुग्धेनच गन्धकम् ॥
तथाससितासर्पाक्षीरसस्तालविषं हरेत् ॥ ९ ॥

ગાયના દુધમાં ગંધકનું સેવન કરવાથી પારાનું વિષ દૂર થાય છે. તેજ પ્રમાણે સાકર સાથે ઘીનું સેવન કરવાથી હરતાલનું વિષ મટે છે.

॥ अथ श्वशुरगृहे तरुणी तिष्ठति तत्र प्रयोगः ॥

श्वानविट् कृष्णमार्जारविष्ठा लोम खरस्य च ॥
गुग्गुलुःसर्षपासर्पकंचुकीराजिकासमम् ॥ १० ॥
कंटका निम्बुवृक्षस्य चाष्टाधिकशतं शुभम् ॥
श्रीफलस्य च तुल्यं च द्विपघोटकयोरजः ॥ ११ ॥
एतेषां युवतीयोनौ धूपो देयो दिनान्दश ॥
श्वशुरस्य कुलेतस्मात्तिष्ठति तरुणी ध्रुवम् ॥ १२ ॥

કુતરાની વિષ્ટા, કાળા બલાડાની વિષ્ટા, ગધેડાના વાળ, ગુગળ, સરસવ, સર્પની કાંચળી, રાઈ એ સર્વ સમાન લેવાં. લીંબુડીના કાંટા ૧૦૮ તથા બીલીના કાંટા ૧૦૮ લેવા, હાથી તથા ઘોડાની રજ લેવી. એ સર્વ એકત્ર કરી તેનો સ્ત્રીની યોનિને ૧૦ દિન ધૂપ આપે તો જે સ્ત્રી સાસરે ન રહેતી હોય તે અવસ્ય રહે છે. । ૧૦-૧૨ ।

॥ अथ प्रमेहादिरोगे उपचारः ॥

गन्धकं पलमानन्तु गोदुग्धेन विशोध्य च ॥
शर्करासंयुतं कार्यं मरुत्पित्तकफार्तिनुत् ॥ १३ ॥
तुष्टिपुष्टिकरो नित्यं रुचिकृन्नेत्ररोगजित् ॥
वीर्यक्षयं प्रमेहं च कुष्ठपित्तरुजं हरेत् ॥ १४ ॥

ગંધક ચાર તોલા ભાર લઈ ગાયના દુધમાં શોધન કરી સાકર સાથે ખાવામાં આવે તો વાત પિત્ત અને કફ એઓને દૂર કરે છે અને પુષ્ટિ કરનાર છે, નેત્ર રોગ માટે વિશેષ હિતકારી છે, વીર્યક્ષીણ-પ્રમે

ઉ અને કુષ્ટ એ રોગોને જીતનાર છે. ॥ ૧૩=૧૪ ॥

॥ अथ मदनवृद्धिपाकः ॥

मर्कटी मुशली चाश्वगंधा गोक्षुरकैः समम् ॥
पलपंचमिताकृष्णा द्रोणदुग्धेन पाचयेत् ॥ १५ ॥
चातुर्जातं तथा लोहं बालावै वंशलोचनम् ॥
चंदनं केसरं व्योषं साभ्रं शुल्वं फलत्रिकैः ॥ १६ ॥
प्रस्थैकखण्डेनयुतोहिभुक्तः प्रातःसदापिबतियोः पयोथरात्रौ ॥ दर्पं विमर्दयति नैकाविलासिनीनांसर्वांगरोगहरणेषु विशेष एषः ॥ १७ ॥

કૌવચબીજ, મુશલી, આસન અને ગોખરૂ એ સમાન ભાગે લેવાં પીપર તોલા ૨૦ લઈ ૩૨ શેર દુધમાં પકવ કરવું ત્યાર પછી તજ, તમાલ પત્ર, એળચી, લવીંગ, લોહભસ્મ, ચનીકબાલા, વંસલોચન, ચંદન, કેસર, ઉપલેટ, મરી, પીપર, અભ્રક, હરડાં, બેહેડાં, અને આંબળાં, એ સરવે સમાન ભાગે લઈને ચૂર્ણ કરીને મેળવવું, ખાંડ તોલા ૬૪ ભાર નાખવી, ત્યાર પછીતેમાંથી એક તોલો પ્રાતઃકાળે ખાધાથી, વીર્ય વૃધ્ધી કરે છે અને તે સંબંધી સઘળા રોગને દૂર કરે છે. ૧૫–૧૭

॥ अथ लशुनपाकः ॥

रसोनकं प्रस्थमितं विमर्द्य दुग्धे घटेनापि विपाच्य वह्नौ ॥
शुल्बाभ्रकं लोहरसंलवंगं कर्पूर माकल्लुकमश्वगन्धा ॥ १८ ॥
द्विनिशा नागरं नागं केसरं त्रिफलासमैः ॥
जातिपत्री फलं जाती मागधी मरिचं तथा ॥ १९ ॥
प्रस्थैकखण्डसहितेनहरेत्समीरं गुल्मव्यथं वेषमसर्व समीर-

णार्तिम् ॥ मन्दाग्निशूलकफरोगविनाशकारी पाकः स्मृतः सुकविना हि रसोनकाख्यः ॥ २० ॥

લશણુ શેર ૨ એ લઈ તે ઉપરનાં છોતરાં ઉતારી નાંખવાં, તે કળીઓને વાટી લુગદી દુધ શેર ૨૦ અધમણમાં નાખી અગ્નિથી પરીપકવ કરવું. ત્યારબાદ તાંબાની ભસ્મ, લોહ ભસ્મ, લવીંગ, કપૂર, અકલકરો, આસન, બન્યે પ્રકારની હળદર—(હળદર, દારૂહળદર) સુંઠ, મારેલું સીસું, કેસર, ત્રિફળાં (હરડે, બેહેડાં, આંબળાં જાવંત્રી જાયફળ, પીપર અને મરી, એ સરવે સરખા વજને લઈને તેઓનું ચૂર્ણ કરીને પછી તોલા ૬૪ ભાર ખાંડની ચાસણી કરીને તેમાં સર્વે એકત્ર કરી ચોરસ ખંડ પાડવા તેમાંથી યોગ્ય માત્રા ખાવામાં આવે તો સર્વ પ્રકારના વાયુ, ગુલ્મ, વિષમજ્વર, મંદાગ્નિ, શૂળ, અને કફના સર્વ રોગોને નાશ કરે છે અને શરીરને સુખ આપે છે. ॥ ૧૮—૨૦ ॥

॥ अथ अपस्माररोगे नस्यम् ॥

वानरस्य कपोतस्य विष्ठा तित्तरकस्य च ॥
नासिकायां कृतं नस्यमपस्मारं विनाशयेत् ॥ २१ ॥

વાંદરાની હગાર, હોલાની હગાર. અને તેતર પક્ષીની વિષ્ટા, એ સરવે સરખા વજને લઈ વાટીને તેનો નાસ આપવામાં આવે તો મૃગી નામનો દુઃખદાયક વ્યાધી દૂર થાય છે. ॥ ૨૧ ॥

॥ अथ अपस्माररोगे गुटिका ॥

कृष्णा मरिचनागस्य चूर्णं नार्द्रकरसंयुतम् ॥
गुटिकारविपुष्पश्च मृगीं हन्तिच भक्षणात् ॥ २२ ॥

પીપર, કાળાંમરી અને શુદ્ધ વછનાગ, એઓનું ચૂર્ણ કરીને આદાના રસમાં ગોળી કરવી, તે ગોળી આકડાના ફુલની સાથે આપ

વાથી મૃગીરોગ મટે છે એમાં સંશય નથી ॥ ૨૨ ॥

॥ अथ अपस्माररोगे नस्यम् ॥

अरिष्टं नरमूत्रेण हयमूत्रेण टंकणम् ॥
गजमूत्रेण कृतं नस्यं त्रिभिर्योगैर्मृगीं हरेत् ॥ २३ ॥

અરીઠા, મનુષ્યના મૂત્રમાં ઘસી તેનું નસ્ય તથા. અશ્વના (ઘોડાના) મૂત્રમાં ટંકણખાર અથવા હાથીના મૂત્રનું નસ્ય એ પ્રમાણે આ ત્રણ પ્રયોગ મૃગી નામના વ્યાધીને દૂર કરનાર છે. ॥ ૨૩ ॥

॥ अथ बधिरशूलरोगे उपचारः ॥

कारेलीरससंयुक्तं सैंधवं टंकणं क्षिपेत् ॥
तस्मात्कर्णव्यथां हन्ति बधिरशूलदोषजाम् ॥ २४ ॥

કારેલીના રસની અંદર સૈંધવ અને ટંકણ મેળવીને કાનમાં નાંખવાથી બેહેરાપણાનો તથા કાનના સણકાને દૂર કરે છે. ॥ ૨૪ ॥

॥ अथ वीर्यस्रावरोगे उपचार: ॥

गुन्दीवृक्षस्य पत्राणि पक्वानि सितया सह ॥
नृणां संसेव्यमानेन वीर्यस्रावं सदा हरेत् ॥ २५ ॥

ગુંદીના પાનને સાકર સાથે સમાન ભાગે લઇને પ્રાતઃકાળે ખાવાથી ધાતુક્ષયરોગને દૂર કરે છે. ॥ ૨૫ ॥

॥ अथ पादव्रणरोगे लेपः ॥

मीणसर्जरसोसाबुनवनीतेन लेपनात् ॥
तिलेन वटदुग्धेन हन्ति पादव्रणानिच ॥ २६ ॥

મીણ, રાળ, અને સાબુ એ સરખા વજને લેવાં. માખણ પગે લેપ કરવાથી પગનુ ફાટવું તથા અથવા તલ કે વડના દુધમાં સાથે તેનો લેપ કરવાથી પગે વઢીઓ ફાટતી હોય તે મટેછે. ॥ ૨૭ ॥

॥ अथ आगरु वातविनाशिनी ॥

गोरोचनं जीरकनागकेसरम् तथाहिफेनंखदिरस्यसारः ॥
हिमाभयातिक्तकखर्परंतथामरीचकृष्णानिलनाशिनीगुटी २७

ગોરૂચંદન, જીરૂં, નાગકેસર, અફીણ, ખેરસાર, હીમજ, હરડે, કડુ, ખાપરીયું, પીપર, અને કાળાંમરી એ સમભાગે લઈ લીંબુના રસમાં ગોળી કરી ખાવા આપવાથી વાયુનો અથવા મોંના આગરૂનો નાશ થાય છે અને પેટમાં અગ્નિ પ્રદીપ્ત કરે છે. ॥ ૨૭ ॥

॥ अथ जानुकम्पादिरोगे लेपः ॥

तिलतैलंसमुत्काल्यनागकुष्ठकणोषणैः ॥
तच्चूर्णमर्दयेत्पश्चाच्चूर्णचहास्तिनामतम् ॥ २८ ॥
तल्लेपोऽडमरुद्रोगंजानुकम्परुजंहरेत् ॥
सन्धिवातंकर्णरोगंचान्यवातविनाशनम् ॥ २९ ॥

તલના તેલમાં વછનાગ, ઉપલેટ, પીપર, અને કાળાંમરી, એ સમભાગે લઈ ચૂર્ણ કરી તેલમાં નાંખી પકવી તૈયાર કરીને ચોપડવાથી ડમરૂ જાનવો પક્ષઘાત વગેરે વાયુનો રોગ, સંધીવાયું, કર્ણરોગ, એ સીવાય બીજા અનેક પ્રકારના વાયુને, નાશ કરે છે. ॥ ૨૮–૨૯ ॥

॥ अथ सन्निपातादिरोगेऽवलेहः ॥

पथ्याविश्वालवंगंमृतजसदचतुर्जातजातीफलंचअब्धेःशोषंच-वंगंमृतकनककणाहंसपाकाहिफेनम् ॥ कंकोलंरुद्रपुत्रोषणक-नकमथोब्रह्मदर्भाजमोदामूशल्याःकन्दचूर्णबलगरलवरीमस्त कीकणीभिः ॥ ३० ॥ सक्षौद्रेणावलेहोहरतिचगुदजान्स-न्निपातान्समग्रान कासश्वासाग्निमान्द्यंमृतमदनमथोवीर्यवृद्धिं

मकुर्यात् ॥ कामिन्याःकामदर्पविजयतिचसदाकुक्षिरोगान्नि-
हन्यात् स्वेदंगात्रेषुशांतंदृढति च ध. मारुतंदन्तरोगान् ॥३१॥

હરડેદળ, સુંઠ, લવીંગ, જસદભસ્મ, તજ, તમાલપત્ર, નાગકેસર, એળચી, જાયફળ, સમુદ્રશોષ, વંગ, મારેલું સોનું, શુદ્ધ પીપર, હીંગ-ળોક અફીણ, કંકોળ, પારાની શુધ્ધ ભસ્મ કાળામરી, ધંતુરાના બી-જ, અજમો, અજમોદ, મુશલી તેજબલ, શુધ્ધ વછનાગ, શતાવરી, મસ્તકી, અને માલકાંકણી, આ સરવે ઔષધીઓને ખાંડીને તેનુ ચૂર્ણ કરી તેમાંથી પ્રાતઃ કાળમાં મધ સાથે મેળવી ચાટવાથી ગુદરોગ, સં-નિપાત, કાસ, શ્વાસ, જઠરાગ્નીનું મંદપણું, નપુંષકપણું એટલા રોગને દૂર કરે છે, વીર્યનો વધારો કરે છે, કામી પુરૂષોને કામદેવનો વધારો કરે છે. કુખના રોગને દૂર કરે છે તથા અંગનું ટાઢાપણું તથા ધનુર્વાયુ વ-ગરે વાત વ્યાધીનો નાશ કરે છે અને દાંતને મજબુત કરે છે. ૩૦–૩૧

॥ अथ हिक्कारोगे उपचारः ॥

विश्वा गुडेन दातव्या सितया सह मागधी ॥
मधुकं मधुना देयं त्रिभिर्हिक्कांविनाशयेत् ॥ ३२ ॥

સુઠની સાથે ગોળ આપવાથી, અથવા, સારક સાથે પીપર આ-પવાથી તથા જેઠીમધનો ભુકો મધ સાથે ચટાવવાથી આ ત્રણ પ્ર-યોગમાંથી ગમેતે કરવાથી. હીકની વ્યાધી દૂર થાય છે. ॥ ૩૨ ॥

॥ अथ वंगेश्वरः वातपित्तादिदोषे ॥

रसराजयुतं नागं संशोध्यं शुभमौषधैः ॥
चक्रा ः यारसेवन्हि यामतुर्यप्रदापयेत्ः ॥ ३३ ॥
तदौषधसमाजातिपत्रीपिप्पलिकेसरैः ॥
आकल्लकं देवपुष्पं सर्वं संचूर्ण्य मेलयेत् ॥ ३४ ॥

सशोद्रेनाब्लेशेष पत्रेण परिभक्षयेत् ॥
ातपित्तोद्भवांपीडां प्रणश्यति च सेवनात् ॥ ३५ ॥
मन्दाग्निमोहनयनार्तिहरं नराणाम् ।
ुष्ठव्यथां ामरुजं च सदा निहन्या ॥
संनष्ट... कृद्दिदधाति वीर्यम् ॥
वंगेश्वरोहि सुरसेषु विशेष एव ॥ ३६ ॥

પારો તથા સીસુ શુદ્ધ કરી ગાંઠપાડી ચક્રાંકા (કાંસકી) ના રસમાં નાખીને ચાર પ્રહર સુધી અગ્રી આપવો જેથી ભસ્મ તૈયાર થાય છે તે ભસ્મમાં જાવંત્રી, પીપર, કેસર, અકલકરો, અને લવીંગ, એ સર્વેનું ચૂર્ણકરવું તેમાંથી દરરોજ પ્રાતઃકાળમાં એ વાલ ઔષધ મધસાથે ખાઈ ઉપર નાગરવેલના પાનનું બીડું ખાવું. વાતપિત્તથી થએલી વ્યાધીને દૂર કરેછે, વ્રણ, મંદાગ્ની ભયથી થએલી પીડા, મોહ અને કુષ્ટની પીડા તથા કરમીયાનો રોગ, નપુંષકપણું આ સઘળા રોગને દૂર કરેછે, ધાતુની વૃધ્ધી કરે છે એમાં જરા શક નહી, આનુંનામ વંગેશ્વર રસછે.

॥ अथ सन्धिवाते गुटिका ॥

गोदुग्धेन गुटी कार्या बोलहिंगुलगुग्गुलैः ॥
हरेद्वातव्यथांसर्वां सन्धिवातं च दुस्सहम् ॥ ३७ ॥

હીરાબોલ, શુધ્ધ, ગુગળ શુધ્ધ, હીંગળોક એ સરખા વજને લઈને ગાયના દુધ સાથે ઘુટી ગોળી કરીને ખાય તો વાતવ્યાધી તથા સંધીવાયુને દૂર કરે છે. ॥ ૩૭ ॥

॥ अथ ज्वरातिसारे गुटिका ॥

करवीरं सुवर्णंच बृहतीकुसुमानिच ॥
हंसपाकबला श्रेष्ठा नागकर्पूरकेसरैः ॥ ३८ ॥

लवंगाकल्लकं चैवाहेफेनेषणमस्तकी ॥
जातीफलं जातिपत्री सर्वतुल्यानि मर्दयेत् ॥ ३९ ॥
क्षौद्रेणवापत्ररसेनकार्या ज्वरातिसारामयनाशिनीगुटी ॥ रू-
पाग्निबुद्धिबलवीर्यवर्द्धिनीमुरादिसाहेनाविनिर्मितास्वयम् ४०

કરણુનીજડ, ધંતુરાનાં બીજ, મોટી રીંગણીના ફુલ, શુધ્ધ હીંગ-
લોક, કાંસકી, શુધ્ધ. વછનાગ હરડાં, બેહેડાં, આંબળાં, કપૂર, કેસર,
લવીંગ, આકલકરો, અફીણ, પીપર, રૂમીમસ્તકી, જાયફળ અને જા-
વંત્રી, એ સરવે સમાનભાગે લઈને કુટીને મધમાં કિંવા પાનના રસમાં
ગોળી કરીને આપે તો તાવ તથા અતિસારને આ ગોળી દૂર કરે
છે અને રૂપ, અગ્ની, બળ તથા વીર્યને વધારીદે છે, આ ગોળી ખાસ
મુરાદશાહે કરેલી છે. ॥ ૩૮–૪૦ ॥

॥ कविना वंशादिनुं वर्णन ॥

श्रीमत्तपागमांभोजभासनैकनभोमणिः ॥
श्राज्ञोदयरुचिर्नामा बभूव विदुषाग्रणीः ॥ ४१ ॥
तस्यानेके माहाशिष्या हितादिरुचयो वराः ॥
जगन्मान्या उपाध्याया अभवन् शास्त्रपारगाः ॥ ४२ ॥
तेषां शिशुना हस्तीरुचिना सद्वैद्यवल्लभो ग्रंथः ॥
रसकरमुनींदुवर्षे परोपकाराय विहितोऽयम् ॥ ४३ ॥

इति श्रीवैद्यवल्लभे हस्तिरुचिकाविविरचितेसन्निपातादिका
जानुकम्पादिप्रभृतिप्रतीकारो नामाष्टमो विलासः

समाप्त.

जाहेर खबर.

मफत ! मफत !! मफत !!!

रुपे

अर्धो आनो मोकलवाथी

गुजराती, संस्कृत अने हिंदुस्तानी

पुस्तकोनुं

सूचीपत्र

मोकलवामां आवशे

पुस्तको मळवानुं ठेकाणुं

हरगोविंददास हरजीवनदास.

बुकसेलर मु. अमदावाद.